(सरकारी तथा वडोदरा राज्यना
केळवणी खातामां चालती)

बाळ-गरबावळी

કર્તા

ગુજરાતના પ્રસિદ્ધ સાક્ષર

સ્વ૦ નવલરામ લક્ષ્મીરામ.

આવૃત્તિ ૩૧ મી.

૧૯૨૭

કિંમત ૦-૩-૬.

The Department of Public Instruction, Bombay.

BAL-GARABAVALI

OR

A SONG-BOOK FOR GIRLS

By

The late NAVALRAM LAKSHMIRAM,

Principal, Training College, Kathiawar.

बाळ-गरबावळी.

કર્તા

રા. રા. લક્ષ્મીરામ નવલરામ

પ્રસિદ્ધ કર્તા

ગં. સ્વ. વસુમતિ ધીમતરામ નવલરામ-સુરત.

આવૃત્તિ ૩૧મી.

સંવત્ ૧૯૮૩—ઇ. સ. ૧૯૨૭

છપાવી પ્રસિદ્ધ કરનારઃ—
ગં. સ્વ. વસુમતિ ધીમતરામ નવલરામ
ઠે૦ કેળાંપીઠ–સુરત.

સુરત–ચૌટાના પૂલ ઉપર આવેલા "શંકર" પ્રિન્ટીંગ
પ્રેસમાં નારાયણરાવ એલ. નીકમે છાપી.

પ્રસ્તાવના.

મનની કેળવણીમાં અભ્યાસ એ એક અવશ્યનું સાધન છે. સારી કવિતા માણસનાં રસજ્ઞાન તથા કલ્પનાને કેળવણીથી પ્રફુલ્લિત કરે છે; તેને સારૂ સુખનું એક નવું તથા અખૂટ બારૂં ઉઘાડે છે; અને મનની ઉંચી વૃત્તિઓને જાગૃત કરી તેની પાસે ઉંચાં કર્મ કરાવે છે. શાસ્ત્રના અભ્યાસથી પરિપકવ થએલી બુદ્ધિને કોમળ, ચપળ, ઉમંગી તથા ઉદાર કરનાર સારી કવિતાજ છે.

પણ બાળ કેળવણીને લાયક કવિતા મળવી મુશ્કેલ પડે છે; કેમકે કવિતા ઘણું કરીને પોતાની અવસ્થાનોજ રસ વર્ણવી જાય છે, અને બાલ્યાવસ્થાના રસ અને કલ્પનામાં ઉતરવું એ બહુ અઘરૂં છે. એ કારણથી સઘળી ભાષામાં સારી બાળ-કવિતા થોડીજ દીઠામાં આવે છે. આપણી ભાષામાં તો તેની કેવળ ખોટજ છે.

એ ખોટ પૂરી પાડવાને અર્થ મારો વિચાર ઘણા વખતથી યથાશકિત કાંઈ કરવાનો હતો, અને તેથી કેળવણી ખાતાની તરફથીજ ગરબાવળીની માગણી આવતાં મેં તે ઉમંગથી ઝીલી લીધી છે. એમાં ધારેલી મતલબ કેટલી પાર પડી છે—એટલે એમાં રસ કેટલો આવ્યો છે, અને તેમાં તે બાળકથી ગ્રહણ થઈ શકે એવો કેટલો છે—એનો નિર્ણય કરવો એ બાળ કેળવણીના ચતુર અનુભવીઓનું કામ છે.

ગરબીઓ કેવી રીતે ગાવી તે જાણવાને સારૂ તેને મથાળે એક પ્રસિદ્ધ* કડી મૂકવાનો રિવાજ છે. પણ તે પ્રમાણે કેટલાંક કારણોથી આ ચોપડીમાં થઈ શક્યું નહિ, તે છતાં તેનો પદ્યબંધ તો જણાય એમ ધારી મેં તેનાં સાંકેતિક નામ ત્યાં લખ્યાં છેઃ–જેમકે ચોચોકા એટલે ચાર ચાર માત્રાના ચાર ગણ જેના પ્રત્યેક ચરણમાં સમાયલા છે તે. अ, इ, उ, ओ, વગેરે નામને અંતે જે પ્રત્યય લગાડ્યા છે તેમાં પણ મર્મ રહેલો છે, પરંતુ તે સઘળો વિસ્તાર આ ઠેકાણે આપી શકતો નથી.

મુ૦ રાજકોટ, તા૦ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૮૮૭.

ન. લ.

---

*પણ એની જરૂર જણાવવાથી સન ૧૮૭૯ના એપ્રિલ માસના ગુજરાતશાળાપત્રમાં એ પ્રસિદ્ધ કડીઓ મેં મહેતાજીની જાણને માટે બતાવેલી છે.

સાંકળીઉં.

બાળ પ્રાર્થના.

ધોળ (માપ ચોચોકા.)

માગું માગું, છો ઇશ્વર આપ રે,
પ્રાણી માત્રના મા ને બાપ રે;
જેની શક્તિનું નહિ કંઈ માપ રે,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૧

માગું માગું પ્રથમ તમ પ્રેમ રે,
રાખો રાખો અમ પર રહેમ રે;
તમ રહેમજ રહીએ ક્ષેમ રે,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૨

માગું માગું કુશળ મારી માતને,
માગું માગું કુશળ મારા તાતને;
માગું કુશળ ભાંડુઓના સાથને,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૩

માગું માગું, અમને તમ પાળજો,
અન્ન વસ્ત્ર ને આબરૂ આલજો;
જન સર્વનાં સંકટ ટાળજો,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૪

માગું માગું. હું આણી વાલને,
આપો આપો, સુબુદ્ધિ હું બાળને;

કાપો કાપો કુતક કુચાલને,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૫

માગું માગું, માબાપની સેવ રે,
સદા સાચુંજ બોલ્યાની ટેવ રે;
મારા મનનો, હરો અહમેવ[1] રે,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૬

માગું માગું, માયાળુ સ્વભાવ રે,
મીઠા બોલ, ને સૌ પર ભાવ રે;
છે જેથીજ જગમાં નિભાવ રે,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૭

માગું માગું, સુમાર્ગ બતાવ રે,
મારા દીલમાં દયા તું વસાવ રે;
પરમારથ[2] પૂર્ણ[3] કરાવ રે,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૮

માગું, વિદ્યાનું વ્યસન[4] લગાડજે,
મારી અંતર આંખો ઉઘાડજે;
શુદ્ધ સત્યનો સુરજ ઉગાડજે,
પાય લાગું માગું પ્રભુ આટલું. ૯

મેં આ માગ્યું, હું માગવા જોગ રે,
બાપ આપ છો આપવા યોગ્ય રે;
હવે આપો જે હોય યોગ્ય[5] રે,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૧૦

---

૧ અહંકાર. ૨ જીવનનું કલ્યાણ થાય એવાં કામ. ૩ બરાબર. ૪ ટેવ. ૫ નુકસાન વગરનું.

નિ-ાળે જતી છોડીનું વર્ણન—વા'લી બેન.

ગરબી (ચોચોકા.)

મારી *વા'લી બેન છે બહુ છોટી જો,
પણ ડા'પણુમાં મોટી જો. ૧

મારી વા'લી બેનને નહિ રાઢો જો,
હસતીજ આખો દા'ડા જો. ૨

મારી વા'લી બેન વા'ણે વહેલી જો,
ઊઠે સૌથી પહેલી જો. ૩

મારી વા'લી બેન દાતણ નિત્યે જો.
કરે, ને નાહે પ્રીતે જો. ૪

મારી વા'લી બેન વાળ ઓળાવે જો,
રોજ કપાળ લુછાવે જો. ૫

મારી વા'લી બેન સો સુધી ગણતી જો,
ભાવે "ભૂ પા" ભણતી જો. ૬

મારી વા'લી બેન ચાલી નિશાળે જો,
ચૂકે નહિ કો કાળે જો. ૭

મારી વાલી' બેન સિલેટ સાહી જો,
દીસે છે બહુ ડાહી જો. ૮

મારી વા'લી બેન પેન તો માગે જો,
સૌને વા'લી લાગે જો. ૯

---

* જયારે આવું (') અધ્યાહાર ચિહ્ન મૂકયું હોય ત્યાં કોઈ હકારનો ઉચ્ચાર છે એમ જાણવું. જેમકે વા'લી એ વહાલી લખ્યું હોય ત્યારે જેમ વાંચીએ છીએ તેમ વાંચવું.

મારી વા'લી બેન ઠમ ઠમ ચાલે જો,
ચોપડી હાથમાં ઝાલે જો. ૧૦
મારી વા'લી બેન પાઠ કરે છે જો,
સૌમાં સરસ ઠરે છે જો. ૧૧
મારી વા'લી બેન વાંચે વાતો જો,
હરખ સરવને થાતો જો. ૧૨
મારી વા'લી બેન લેઇને તાળી જો,
ગરબી ગાય રસાળી જો. ૧૩
મારી વા'લી બેનના બોલ મીઠા જો,
દુનિયામાં નથી દીઠા જો. ૧૪
મારી વા'લી બેન વા'લાં લાગો જો,
મન ગમે તે માગો જો. ૧૫

છોડીઓની ઉજાણી.

ગરબી. (અષ્ટચોકા.)

સૌ અલીઓ હળીમળી આવો, આજ,
આપણે કરીએ ઉજાણી,
સૌ કાંઇ કાંઈ ઘરથી લાવો. આજ, આપણે૦ ૧
કો લાવી ચણા, કો ધાણી, આજ, આપણે૦
કો કોપરું ખાંડ તો આણી. આજ, આપણે૦ ૨
કો ખજુર ખોળી લાવી, આજ, આપણે૦
કો ચારોળી ચાવતી આવી. આજ, આપણે૦ ૩
કો કહે એ થઇ તો *અજીઠી, આજ, આપણે૦

*એઠી, બોટેલી.

કો લાવી બદામો મીઠી. આજ, આપણે૦ ૪

કોએ પસ્તાં સસ્તાં આણ્યાં. આજ, આપણે૦
સૌએ *ખોરાં ખૂબ વખાણ્યાં. આજ, આપણે૦ ૫

કો કાકડીઓ, કો દ્રાખો, આજ, આપણે૦
કો લાવી મુળો આખો. આજ, આપણે૦ ૬

કો બરફી બરફજ સરખી, આજ, આપણે૦
જોઈ બાળક કૂદ્યાં હરખી. આજ, આપણે૦ ૭

કોઈ પેંડો લાવી પ્રેમે, આજ, આપણે૦
નહિ કોઈથી ભાગ્યો કેમે. આજ, આપણે૦ ૮

પણ પત્થરથી તે હાર્યો, આજ, આપણે૦
કો લાવી લાડવો સારો. આજ, આપણે૦ ૯

કો કહે ખપે ન અમને, આજ, આપણે૦
કહ્યું નહિજ મૂકીએ તમને. આજ, આપણે૦ ૧૦

કો લાવી સકકરપારા, આજ, આપણે૦
ગોળપાપડી, મમરા ખારા. આજ, આપણે૦ ૧૧

કો લાવી ગાંઠીઆ ગમતા, આજ, આપણે૦
તે તો ગટ કરી ગયાં રમતાં. આજ, આપણે૦ ૧૨

કો લાવી પકવાન પાંચે, આજ, આપણે૦
જોઈ જીભ સળવળે સાચે. આજ, આપણે૦ ૧૩

કોઈ દળ અગદળ ગળગળતું, આજ, આપણે૦
કોઈએ આણ્યું અથાણું મોંબળતું. આજ, આપણે૦ ૧૪

કો ખોબો ભરી ખારેકો, આજ, આપણે૦
કો લાવી પાપડ સેકયો. આજ, આપણે૦ ૧૫

---

* પસ્તાં ખોરાં છે એમ સૌએ કહ્યું.

કો છાનું છુપાવી લાવી, આજ, આપણે૦
પાછી વાળીજ જેવી આવી. આજ, આપણે૦ ૧૬

બેન એ તો ચોરી કહેવાએ, આજ, આપણે૦
કહ્યા વિના ન લાવવું કાંઈ એ. આજ, આપણે૦ ૧૭

રોતી આવી એક બિચારી, આજ, આપણે૦
નથી આપતી મા કંઈ મારી. આજ, આપણે૦ ૧૮

એને પ્રેમે પાસ બેસાડી, આજ, આપણે૦
સૌએ મીજબાની તો માંડી. આજ, આપણે૦ ૧૯

સૌ વ્હાલથી વહેંચી ખાઓ, આજ, આપણે૦
ખાઈ પીને ગરબા ગાઓ. આજ, આપણે૦ ૨૦

ગુજરાતનો વનસ્પતિવૈભવ–ભાગ ૧ લો.

ગરબો (ચોચોકા.)

રુડો ! રુડો ! મુલક ગુજરાત રુડો !
જગદીશે જગતમાં ખૂબ ઘડ્યો ! ૧

જ્યાં જુઓ ત્યાં લીલા લહેરજ છે !
ધનધાન્યે *ભૂધરની મહેરજ છે ! ૨

બહુ જુવાર, બાજરી ડાંગર ને,
ઘઉં ચણા વટાણા, ઝાલર ને, ૩

ઘણી તુવર, ને મગ ચોળા જ્યાં,
મઠ અડદ, મકાઇ, જવ ઝાઝા. ૪

વળી વળી, દિવેલી તલ અળશી,
આદિ ચીજો હજારો કળશી ! ૫

---

* પરમેશ્વર.

એ ગણે ગણાય ન કહું સાચું.
ગુજરાતે પાકે સોનું કાચું ! ૬

કાચું રાખ્યું નથી કંઇ કીરતારે !
કરી કૃપા ભરતખંડ પર ભારે. ૭

ભૂલો ભુંડી આપણીજ છે બાઇ,
કે ગયા ડૂબી દળદર માંહી. ૮

આવો મુલક મળ્યો હોય બીજાને,
દુઃખી બોલ જનમમાં ન તે જાણે. ૯

લોક અક્કલ હુનર નહિ કંઈ આણે,
જુદો મમત, ગાડરવત બહુ તાણે. ૧૦

મૂકી મમત, આળસ ઈર્ષા સર્વે,
દેશ દાઝે ઘૂમો ઘૂમો ! ગર્વે. ૧૧

કરો ગર્વે ગરવો મુલક પાછો !
સૂતાં બેઠાં સ્વદેશનું સુખ વાંચ્છો ! ૧૨

સંપ સજી ભજી વિદ્યામાતા,
થઇ હુનર કળામાં મદમાતા. ૧૩

કસી કમર, પલકમાં ખુંખારી,
બહાર પડો ! ફતેહ છે કહું ધારી. ૧૪

ભાગ ૨જો.

(રાગ ઉપર પ્રમાણે.)

ખરે ખરો બગીચો ગુજરાતજ,
ફાલ્યો ફૂલ્યો ને ફાલ્યો પ્રખ્યાતજ ! ૧

ઝાઝાં ઝાડોનાં ઝૂંડજ જ્યાં દીસે,
જોતાં જોતાં જે જીવ હરખી હીસે. ૨

વડ ઘટા ઘાલે ચોગમ ફરતી,
જે નીચે સેનાઓ ઉતરતી. ૩

ઊગે આંબાઓ હારોહાર ઘણા,
કહો કેરી સ્વાદમાં શીજ મણા ? ૪

રુડી રુડી લીમડાની છાયા,
ભુંડી ભુંડારે આમલીની છાયા, ૫

કેવો કેવો કપાસનો છોડ સારો ?
જાતે નાનો જગતને ઢાંકનારો ! ૬

શું ખીલ્યું આ ખેતર ખસખસનું !
હોય અફીણુ અમૂલ્ય જે રસનું ! ૭

બુધ હીણા વિના ખપ જો ખાયે,
ખરે મરેજ એનો ન વાંક કાંએ. ૮

શી શોભે આ ઉભી શેલડીઓ !
કેવી ઝૂકે છે, જોજો ચમરીઓ ! ૯

મોટું પેલું ફણસનું ફળ કેવું ?
દીસે હાથીના કુંભસ્થળ જેવું. ૧૦

જોજો ઝાડો જવાહીરનાં સહુ રે,
કોને મૂકું, ને કોને હું ગાઉં રે. ૧૧

આસોપાલવ, કદંબ, પીપળ બીલી,
તાડ ઉંચું રહ્યું ગગન ઝીલી. ૧૨

વાંસ, સાગ, સરગવો, ને બાવળ,
ખેર ખાખર, ખજુરાં ને આવળ, ૧૩

જમરૂખી, કમરખી, બોરડીઓ,
સીતાફળી, કદળી, દાડમડીઓ. ૧૪

જો કોઠી, રાયણ, લીંબુ, જાંબુ,
નારંગી, અંજીર, શેતુર લાંબુ. ૧૫

વળી પપાઉં ફાલસાં ને દ્રાખો,
હોય મેવા મઝાદારજ લાખો. ૧૬

ભાગ ૩જો.

(રાગ ઉપર પ્રમાણે.)

ફૂલ મઝા તો આપણા દેશજની!
સોનું ને સુગંધ બે સજની! ૧

ફૂલ રંગબેરંગી કેવાં છે!
ઊડી આંખેજ વળગે એવાં છે! ૨

ને સુગંધ શી સુંદર સારી!
રહ્યો બે'કી મુલક બધો ભારી. ૩

જુઇ, જાઇ, કેતકી, સાહેલી,
પારિજાત, ચંપો, ચંપેલી. ૪

ગુણી ગુલાબ, મોગરો, બટમોગરો,
ગુલછડી, તગર, તુલસી, ડમરો. ૫

મધમધી રહ્યાં વન વન ચોગમ,
નામ લેતાંજ આવે છે સોરમ. ૬

શાં ખીલે કમળ જળમાં ચોપાસ!
શાં સોહામણાં સાંજે ગુલબાસ. ૭

શા શોભી રહ્યા આ ગુલ્લાલા!
કેસુડાં, કસુંબો લાગે વા'લા. ૮

પેલાં સુંદર સુરજફૂલ સુરજની.
પૂઠે ફરે છે પ્રેમે, ઓ સજની. ૯

પેલી પોયણી પરણી ચાંદાસું,
જોય ચાંદો, ને જો, આવે *હાસું । ૧૦

ખૂબ ખીલ્યાં કરેણાં, તનમનીઆં,
ધંતુરા તુરી સમ છે બનીઆ, ૧૧

જાણે પુકારે વનવૈભવ ઇશનો !
વનલીલામાં વાસ છે જગદીશનો. ૧૨

જ્યાં જોઉં ત્યાં ઇશ્વર સભર ભર્યો !
ધન ભાગ્ય નવલ, ભવસાર સર્યો ! ૧૩

નિશાળનું વર્ણન.

ગરબી (ત્રિઅંકી)

મા, મને નિશાળે મૂકને પાય લાગું મા,
મા, ભાગ તું મારી ભૂખને, સુખ માગું, મા. ૧

મા, મારી મારા જેવડી બેનપણીઓ, મા,
મા, જો જો ચાલી આ ચોપડી લઇ ધણીઓ, મા. ૨

મા, જો જો કેવી એ જાય છે, માન મોજે, મા !
મા. જાયજ તો ત્યાં ગવાય છે ગીત રોજે, મા. ૩

મા, ભરી રૂપાળા રંગથી એક પેટી, મા,
મા, તે તો જુએ એ ઉમંગથી ત્યાં બેઠી, મા. ૪

---

*હાસું હસવું, એટલે ચંદ્રોદય પછી ઉજળી સોહામણી દેખાય છે.

મા, ખેળવણાં ખુશકારની છે બીજી, મા,
મા, જેને કહે છે આકારની જન રીઝી, મા. ૫

મા, વળી ચળકતે ચોકઠે રૂપાળા, મા,
મા, ઘણા લખોટા. જે વડે ગણે બાળા, મા. ૬

મા, નકશા નવરંગી, નવા, તકતકતા, મા,
મા, ભીંતે ભલા ખૂબ ભેરવ્યા જાણે તખ્તા, મા. ૭

મા, ગોળો ચોગમ ચિતર્યો એક ત્યાં છે, મા,
મા, ચકર ચકર ફરતો ખરો કહું સાચે, મા, મા. ૮

મા, એક દિવસ ત્યાં ગઈ હતી, સખી સંગે ,મા,
મા, તેજ દિવસથી થઇ મતિ“ભણું રંગે મા”, મા. ૯

મા, નિશાળમાં તો છે મઝા ભણવાની, મા,
મા, એક વાગે આપે રજા રમવાની, મા. ૧૦

મા, મે’તાજી માયા બધા પરે બહુ રાખે, મા,
મા, શાંત સ્વભાવે તે સદા મીઠું ભાખે, મા. ૧૧

મા, શીખવાની શી છટા છે ત્યાંહી ! મા,
મા, ચિત્ત ચોટે ચોગમ ઘટા રહે છાંહી ! મા. ૧૨

મા, આવી નિશાળે તો જવું, મોજજ, મા,
મા, ગમે રમ્યાથી શીખવું જ્યાં રોજજ, મા. ૧૩

મા, જો નિશાળજ બહારથી રઢ લાગે, મા,
મા, જો જઈ ભણી પ્યારથી ભાગ્ય જાગે, મા. ૧૪

મા, ભણતર વણ નરનાર રહે પશુ સરખાં, મા,
મા, વિદ્યામાં મેં અપાર રે સુખ નિરખ્યાં, મા. ૧૫

(ચોથું ધોરણ ભણનારીઓને સારુ.)

ઈશ્વરનું સ્તવન.

ગરબી (ચોછક્કા)

જે આ જગતને નિભાવે, ભજું તેજ ભાવે;
ખલક પલકમાં બનાવે, ભજું તેજ ભાવે. ૧

ચાહે ત્યારે ઝટ ડુબાવે, ભજું તેજ ભાવે;
તે તો વિશ્વનાથ કહાવે, ભજું તેજ ભાવે. ૨

જે આ સૂર્યને શોભાવે, ભજું તેજ ભાવે;
જે આ ચંદ્રને ચળકાવે, ભજું તેજ ભાવે. ૩

ઘુમટ ગગનનો ટેકાવે, ભજું તેજ ભાવે;
અસંખ્યગોળાઓ ગબડાવે, ભજું તેજ ભાવે. ૪

જડને ધર્મ જે ધરાવે, ભજું તેજ ભાવે;
મનને મુક્તિસું ચઢાવે; ભજું તેજ ભાવે. ૫

જે છે પ્રાણનો આધાર, ભજું તેજ ભાવે;
જે છે સારમાંનું સાર, ભજું તેજ ભાવે. ૬

જે છે ડાહ્યો દયાવંત, ભજું તેજ ભાવે;
જેને નહિજ આદિ અંત, ભજું તેજ ભાવે. ૭

સકળ શક્તિનો ભૂપ, ભજું તેજ ભાવે;
જે છે એક ને અનુપ, ભજું તેજ ભાવે. ૮

જે છે અકળ ને અરૂપ, ભજું તેજ ભાવે;
જ્યાં મનવાણી હોય ચૂપ, ભજું તેજ ભાવે. ૯

જેને નવલ કહે શુંજ! ભજું તેજ ભાવે;
તો તે તુંજ તુંજ, તુંજ, ભજું તેજ ભાવે. ૧૦

ચોમાસું.

ગરબી. (ત્રિતાલી ચોકક્કા.)

પેલી વાદળીઓએ ઘૂમાઘૂમી માંડીરે !
હવે આવશે ચોમાસું શું ! ઓ માડીરે. ૧

હા હા ! હજી નહિ શું આવે ? ધામ કેવોરે !
કેરી બાફમાંજ ઘાલી હોય એવોરે ! ૨

નથી હાલતું ઝાડોનું એક પાન× રે;
ફર્યો પવન જઈ ઠર્યો હવે ઇશાન રે. ૩

નહિ શ્વાસ રે લેવાય, જીવ રૂંધાયે રે;
પાંખ પંખીઓ વિખેરી ધૂળે નાહ્યે રે. ૪

ભુંડી અંગે આ અળાઈઓ કરડી ખાયરે !
પડે સાંજ ત્યારે કાંઈક સુખ થાયરે. ૫

અધવાર્યો અષાડ, ઉંચું જોઈએરે !
હવે મેહુલે તો મે'ર કરી જોઈએરે ! ૬

ખોદી ખેડીને ખેડુત ચાસ પાડીરે;
ઉભા ખેતર જુએ વાટ દા'ડીરે. ૭

બેઠા ઠામ કરી પ્રવાસી ખલાસીરે;
વળી વેપારી, અધિકારીઓ, સંન્યાસીરે. ૮

બેઠી મોસમ, પડયાં બંધ બધાં વા'ણોરે;
નદી નાળે નીર ન જાય, જાય હરણુ પ્રાણોરે. ૯

લુખી ભૂખી ને સુકી ખડંગ ભોંયરે;
" પય પય " પોકારે છે, જોડે પપૈયા રે. ૧૦

× એક પાંદડું પણ.

પ્રાણી માત્રનો આધાર મેઘરાજા રે;
આવો, આવો, મહારાજ રાખો માઝા રે ! ૧૧

ધાતાં ધાતાં કાળાં કાળાં વાદળ આવેરે;
ગગન ધરીને અંધારકોટ બનાવે રે. ૧૨

થાય ચમક ચમક વીજના ચમકારા રે;
કડડ કડડ કડડ કડકડયાં નગારાં રે. ૧૩

છૂટયો પવન આવ્યું લહેરું હાશ ! સારું રે !
ક્યાંહી વરસ્યો એ નિશ્ચે હું તો ધારું રે. ૧૪

પડયો ! ઓ પડયો ! પડયોજ મુસળધાર રે !
નવલ સુગંધ ઉઠી, શાંતિ થઈ સંસારે રે ! ૧૫

जना-रनां जांन.

(છચોકા) ઘોળ.

જાન જનાવરની મળી ॥ મેઘાડંબર ગાજે;
બકરી બાઈનો બેટડો ॥ પરણે છે આજે. ૧

ઢોલ નગારાં, ભેર ને ॥ સૂર સરણાઈ તીણું;
સો સાંબેલા શોભીતા ॥ બેટાબેટી ઘેટીનાં. ૨

ઠીક મળી ઠઠ લોકની ॥ જરા ઠામ ન ઠાલો;
દોડે વરનો બાપ ત્યાં ॥ દડબડ દાઢીવાળો. ૩

સાજનનું શું પૂછવું ॥ બકરે કરી જોરો;
ભેગાં કર્યાં છે ભાવથી ॥ મોટાં મોટાં ઢોરો. ૪

રાતા માતા આખલા ॥ રાખી શીંગડાં સીધાં;
આગળ માર્ગ મુકાવતા ॥ પદ *પોલીસ લીધાં. ૫

---

* જાણે પોલીસનું કામ કરતાં હોય, તેમ તેઓ માર્ગ મુકાવતા જાય છે.

સાજને એઇ ઊંટડા ॥ હીંડે ઉંચી ઓડે;
એનાં અરાડે વાંકડાં ॥ કામદારોની ગોડે. ૬

હારમાં એક બે હાથીં છે ॥ મોટા દાંતજવાળા;
નીચું ન્યાળીને ડોલતા ॥ હીંડે શેઠ સૂંઢાળા. ૭

હાથી ઘોડા તો છે ઘણા ॥ હાર રોકતા પાડા;
કાળા કઢંગા ને થયા ॥ ખડ ખાઇ જડ જાડા. ૮

આંખ ફાટી છાતી નીસરી ॥ કરતા ખૂબ ખુંખારા;
હીંડે ઉછળતા ઘોડલા ॥ સાજન થઇ સારા. ૯

ટટ્ટુઓ ટચુમચુ ચાલતાં ॥ પૂઠે ગરીબ ગધેડા;
હાજી હાજી કરી હીંડતાં ॥ *ડીફ્રાં વિના અતેડા. ૧૦

હારોહાર હજારો આ ॥ માંહે માંહે લપાતા;
કોણ આવે કામળ ઓઢીને ॥ એતો ગાડર માતા. ૧૧

પીતરાઇઓ વહેવાઇના ॥ એને અકલ ન કોડી;
આડા અવળા એકેકની ॥ પૂઠે જાય જો દોડી. ૧૨

બકરા તો વરના બાપ છે ॥ હોય એનું શું લેખું!
શું સાગર શીંગડાં તણો ॥ હું તે આજે આ દેખું! ૧૩

વરનો તે ઘોડો આવીગો ॥ વાજે વાજાં વિલાતી;
ભેર ભૂંગળ ને ઝાંઝરી ॥ ભેગું ભરડતી જાતી. ૧૪

વરરાજા બે માસનું ॥ બાળ બેં બેં કરતું;
ઝડપાયું ઝપ ઝોળીમાં ॥ મન માડીનું ઠરતું. ૧૫

મંગળ બકરી બાઈ તો ॥ ગાય હરખી હરખી;
જોડે જાંદરણી ઘણી ॥ કોડે જોવાજ સરખી. ૧૬

---

*ડીફ્રાં વિના જેને ચાલવું ફાવતું નહિ હોય એવા ગધેડા.

બકરીબાઇ એ નાતની ॥ ને બીજી ઘણીઓ;
આણી આડોશ પાડોશણો ॥ બાપડી બેનપણીઓ. ૧૭

ભેંસ, ભુંડણ, ને ઊંટડી ॥ ઘેટી, ઘોડી, ગધેડી;
ગાય, બિલ્લાડી, ઉંદરડીને ॥ એક કુતરીએ તેડી. ૧૮

વાંદરીઓ નથી વીસર્યાં ॥ દસ વીસ આ કૂદે;
સાથે સામટાં ગાઈ સૌ ॥ સાતે સૂરને છૂદે. ૧૯

કોઈ બેંબેં કોઇ ભેંભેં કરે ॥ કોઇ ભૂંકતી ભુંડું.
કોઇ ચુંચું મ્યાઉં મ્યાઉં કરે ॥ વેર વાળે કો કૂડું. ૨૦

હૂક હૂક કરતી વાંદરી ॥ જોજો! નાચે છે કેવી!
ધન ધન બકરી! ન કોઇની ॥ જાન તારા તે જેવી! ૨૧

ચારપગાંની જાન આ ॥ જોડી બેપગાં સારૂ;
સમજે તો સાર **નવલ** બહુ ॥ નહિ તો હસવું તો વારૂ! ૨૨

ભણવાનો વખત જાય છે.

ગરબી (સપ્ત ચોકા.)

જાય છે, જાય છે, જાય છે, રે,
આ વખત ભણ્યાનો વહી જાય છે. } ટેક.
થાય છે થાય છે થાય છે રે,
બહુ પછી પસ્તાવો થાય છે.

બાળપણ ભણવાનો અવસર,
જીવન જીવતર માંહ્ય છે રે. આ વખત૦

ખેડુત જો ચોમાસું ન ખેડે,
આખું વરસ પસ્તાય છે રે. આ વખત૦

બાળપણું વીત્યું કે ભણ્યાનો,
કાળ વીત્યોજ ગણાય છે રે. આ વખત૦

ગિરફ્તારી પછી દુનિયાની,
તેમાં તે શું ભણાય છે રે! આ વખત૦

કદી વખત મથીને કાઢે પણ,
કુમળીજ ડાળ વળાય છે રે. આ વખત૦

પાકી કોઠીએ ચડે ન કાના,
ટપુ ટપુ વાંચી ગભરાય છે રે. આ વખત૦

ભણ્યા વિના નર નાર નિંદાને,
દુઃખ દારિદ્રે રિબાય છે રે. આ વખત૦

હાલ રમત રૂડી લાગે છે પણ,
કેડે કુડી દેખાય છે રે. આ વખત૦

રમવું ખરૂં ને ભણવું ખરૂં,
એજ ડહાપણ કહેવાય છે રે. આ વખત૦

ભણ્યા વિના તો સિદ્ધિ ન ભવમાં,
ભણેજ સુખ પમાય છે રે. આ વખત૦

વિદ્યા વણ માણસ પશુ સરખું,
કહેવત સાચી સદાય છે રે. આ વખત૦

જન ને જનાવર જનમ સમે તો,
સમજમાં સરખાં દેખાય છે રે. આ વખત૦

પણ જન તો પંડિત બને છે,
જો જુગતું શીખવાય છે રે. આ વખત૦

વાર વાર વા'લે શીખવેર્થીજ,
બાળકથી બોલાય છે રે. આ વખત૦
શાખો રણે તો રહેજ મુગું,
સમજનું મૂળ શિખાય છે રે. આ વખત૦
લો સર્વે શિક્ષા, શિક્ષણથીજ,
માણસ મોટું મનાય છે રે. આ વખત૦
નવલ કહે જે અભણ રહે તે,
પશુપદ પામવા ચા'ય છે રે. આ વખત૦

ગાયના ગુણ.

ગરબી (ચોચોકા.)

લાગે મને, ગાય તું ઘણી વા'લી
ઓ ગોરી ગરીબ, ને ગુણવાળી ! લાગે૦ ૧
તારું રૂપ મને રુડું લાગે,
મુખ જોતાં ભૂખ બધી ભાગે લાગે૦ ૨
ધોળું અંગ ને શીંગડીઓ કાળી,
આંખ રાંકડી, કાળી હેતાળી. લાગે૦ ૩
તારે કંઠે, ઘંટડી, ઘણઘણતી,
ચારે ચરણે ઝાંઝરી, ઝણઝણતી. લાગે૦ ૪
ગોવાળેથી, પાછી તું વળતી,
ત્યારે ભાં. ભાં, ભાં, ભાવે ભણતી. લાગે૦ ૫
આપે ઉછળો વાછડું થનથનતાં,
પેસે પોળમાં પ્રેમે તું તે સણતાં. લાગે૦ ૬

હીંડે હરખે, ઉછળતી તું ઘેલી;
તોએ કોને, મૂકે ન તું ઠેલી. લાગે૦ ૭

વાટે બેઠાં બાળ બચાવી લે;
એવી ડાહી દયાળુ તું દીસે. લાગે૦ ૮

મારનાર ઉપર પણ તું ભારે;
નથી કરતીજ, રીશ અતિશય ક્યારે. લાગે૦ ૯

તેં તો ધર્મનો મર્મજ, પરમ લહ્યો;
ગૂઢ *ગરીબ, પણુનો ગુણ ગ્રહ્યો! લાગે૦ ૧૦

તું તો રોજ, પરોપકારે રાજી;
તારો જશ જગમાં છે રહ્યો ગાજી. લાગે૦ ૧૧

તું ધોળી, ને ધોળું દૂધ તારૂં;
ગુણકારી, સ્વાદ ભર્યું સારૂં. લાગે૦ ૧૨

દહીં દૂધ, ઘી, માખણ, ને છાસ;
જેમાં સર્વ, સ્વાદ તણા વાસ. લાગે૦ ૧૩

એ પાંચે, અમૃત પૃથ્વી પર જો;
તે અમ અર્થે, તું તો સરજે. લાગે૦ ૧૪

બર્ફી, ને પેંડા, ને માવો;
બાસુદી શિખંડનો બડો લાવો. લાગે૦ ૧૫

તે તો તારી પ્રસાદી, આ સુખદાતા!
ગાય માતા, તું સાચીજ છે માતા. લાગે૦ ૧૬

તારા પ્રેમનો પાડ, હું કેમ વાળું?
આવ, આવ, હું હેતે પંપાળું! લાગે૦ ૧૭

---

*ગરીબાઇ—રાંકપણું—ધર્મની મુખ્ય મતલબ છે ને તે તેં બરાબર પકડી રાખી છે.

*તારી શીંગડી, સુંદર સિંદુરે;
રંગી સોને, સણગારું હું રે. લાગે૦ ૧૮

કઈ ચાંદલો, ને ચોખા ચોડું;
ફૂલ હાર પહેરાવી, નિરખું મોઢું ! લાગે૦ ૧૯

તારું ઝગમગતું, જ્યોતિજ સરખું;
મુખ ભાળી, હરખું ને નિરખું. લાગે૦ ૨૦

ધન ધન ! ધેનુ ! રૂપ ગુણધામ;
ગુણ ગાયના, ગાય **નવલરામ.** લાગે૦ ૨૧

ચોમાસાના ચાર માસ.

ગરબી (ત્રિતાલી, અષ્ટ ચોકા.)

ચોમાસાના ચાર માસ છે સારા રે;
લીલી સાડી સુંદર સજે [1]ધારા. ચોમાસાના૦

ધોરી માસ અષાડ તે કહાવે રે,
વરસાદને દોરી લાવે રે;
જોકે પહેલાં કંઈક તપાવે. ચોમાસાના૦

કડકડીને પડે મેઘરાય રે,
પડે પાણી, ને નેવે ન માય રે;
ધોધો ધોધ બધે સંભળાય ! ચોમાસાના૦

---

*આ બે કડીમાં કહ્યા પ્રમાણે ધનતેરસને દહાડે ગાયને લોકો ગુજરાતના કેટલાએક ભાગમાં સણગારે છે. ૧ પૃથ્વી.

નદી નાળાં તળાવ ભરાય રે,
જળ જળ પળમાં થઈ જાય રે;
ડુબ્યું જાણે જગત જળમાંય ! ચોમાસાના૦

હોય વંન ધરી સજીવન રે,
નાચે ગિરિ પર મોર થનથન રે;
કરે કળા ને હોય મગન. ચોમાસાના૦

શ્રાવણ માસે સરવડાં હોય રે,
ગામ બહાર મેળે સૌ કોય રે;
જઈ લીલું લીલું બધે જોય. ચોમાસાના૦

માથે મેઘનો માંડવો આવ્યો રે,
નીચે લીલો ગલીચો બિછાવ્યો રે;
વચ્ચે મનહર મછ× ઝળકાવ્યો. ચોમાસાના૦

જીવ જંતુઓ નીપજે ઝાઝા રે,
જ્યાં જોઈએ ત્યાં છોડ તાજા રે;
શાક ભાજીનો શ્રાવણ રાજા. ચોમાસાના૦

ભાદરવે તે ભડકી ઊઠયો રે,
"બાકી સાકીનું લો, હું ત્રૂઠયો રે;
કદી કહેશો ન કે હું રૂઠયો." ચોમાસાના૦

એમ કહીને કડાકડી માંડી રે,
રહ્યા વાઘ ને સિંહ બરાડી રે;
વીજ ઝબુકી ગગનને ફાડી. ચોમાસાના૦

દીસે સુરજ ન, થઇ રહી હેલી રે;
આણ્યો દરીઓ ઉલેચીજ, હેલી રે!
તોડી તેડ, ને નદીઓ રેલી. ચોમાસાના૦

×મેઘધનુષ.

આસો માસે ફળી જનઆશા રે,
પાક્યાં ધાન્ય ધરતીપર ખાસાંરે;
રહે ખેડુતો ખેતરે વાસા. ચોમાસાના૦

ઉડે પંખી લાખો હરખાતાં રે,
ગાય ભેંસ બળદ ચરે માતાં રે;
ઉંચે આભ રૂપેરી જો, જોતાં, ચોમાસાના૦

ખીલ્યાં કમળો તળાવો છાયાં રે,
આ બે સારસ શી માયા રે !
જો જો ચંદ્ર ચકોર તો ધાયા. ચોમાસાના૦

શરદચંદ્ર પુનમ બલિહારી રે !
ગીત ગાય નવલ નરનારી રે !
હવે દિવાળીની તૈયારી ! ચોમાસાના૦

પાંચમું ધોરણ ભણનારીને સારુ.

માતૃસ્તવન.

ધોળ (ચોચોકા.)

જ્યારે હું હતું પશુ અજ્ઞાન રે,
નહોતું ખાન કે પાનનું ભાનરે;
ત્યારે કોણ મારી સારી સંભાળ,
કરતું ધરી વા'લ ? તે તો તુંજ માવડી૦

કોણ ઊંઘતું હેતે ઉઠાડીને,
કોણ અંગનું હીર ધવડાવીને;

થતું હુંથી અધિક પ્રસંન.
પોતાને મન ? તે તો તુંજ માવડી૦

માથું મારી ઉછાળી હું લાતરે,
ધાવું તેમ તેમ થઈ નિઆતરે;
કોણ મીઠડાં લેતું મુખ,
પામી મહા સુખ તે તો તુંજ માવડી૦

મને કોણ ઉઠાડી બેસતું ?
મને કોણ રિઝાવી રમાડતું ?
કોણ ગાતું ઉંઘાડવા ગીત,
પ્રફુલ્લિત ચિત્ત ? તે તો તુંજ માવડી૦

જરા માથું દુખે કદી માહરૂં,
કોણ ચોંકી થતું દેખી બ્હાવરૂં ?
કરી* કરીને કડવા કવાથ,
પીતું ખુશી સાથ? તે તો તુંજ માવડી૦

કોણ શીખવતું બોલતાં ચાલતાં,
કોણ કહેતું મનોહર વારતા ?
દીઠા દા'ડી અસંખ્યજ દોષ,
તોએ ન કર્યો રોષ. તે તો તુંજ માવડી૦

તારા પ્રેમના પાર પમાય ના,
તારાં કર્યાં તે-કોએ કરાય ના;
અરે તેં મળમૂત્ર અથાગ,
વળ્યાં લળ્યાં ભાગ્ય ! ધન ! ધન ! મારી માવડી. તે તો૦

તારો પાડ શું વાળું વળાય ના;
મૂકી માથું ખોળામાં હું માયના;

*પથ્ય.

બોલું નવલ ગગળો થઇ વાણુ,
"તારૂં છે કલ્યાણુ," જય ! જય ! મારી માવડી. તે તો૦

ગુજરાતની મુસાફરી.

ગરબી (અઠસસ ચોકો, રૂપક તાલ.)

દક્ષિણુમાં છે દમણુગંગા ॥ ત્યાંથી નીકળીએ પ્રવાસરે;
અમલસાડ, વલસાડ, નવસારી ॥ લેજો ફણુસ અબાસ.
રમીએ ગુજરાતે રે. ૧

શા શોભે કદળીવન શીતળ ॥ શી બહેકે લીંબુવાઈ રે;
આંબા ઈદ્દાના *અમૃત સરખા ॥ હરખી કહે દેશાઈ.
રમીએ ગુજરાતે રે. ૨

સુરત શે'રનું સુંદર દરશન ॥ સુંદર રસ્તા સારારે;
સુંદર, નાજુક, લોક વિચિક્ષણુ ॥ શોખી સફાઇ કરનારા.
રમીએ ગુજરાતે રે. ૩

ઓ ! આવી બરફીની દુકાનો ॥ ઉભાં રઢ લાગેરે !
પાપડી પણુ આપણુ આ ટાણે ॥ પામ્યા પૂરણુ ભાગ્યે !
રમીએ ગુજરાતે રે. ૪

જરૂર નાતમાં જમવા જાએ ॥ જમણુ આવાં નથી નિરખ્યાંરે!
ચિનાઈ સાડી ચપડા ચમકે ॥ સર્વે લખેશ્રીજ સરખાં.
રમીએ ગુજરાતે રે. ૫

---

* એ પાસના—એ મુલકમાં અહીંને બદલે ઈદ્દા કહે છે.

મેળા, ખેળા, ને વરઘોડા ॥ નાચ ને રંગ ઠામ ઠામરે;
હસતાં રમતાંજ દીસે સૌ ॥ કરતાં હશે શું કામ;
રમીએ ગુજરાતે રે. ૬

આગળ આ હતું હિંદુસ્તાનમાં ॥ સૌથી બંદર મોટું રે;
નામીચું દુનિયામાં તે કેમ ॥ છેક થયું હશે ખોટું રે !
રમીએ ગુજરાતે રે. ૭

તાપી નાહી, લઇ લાહે ગજી ॥ કીનખાબ કિનારી ચાલોરે;
નરબદાનો નિરખી નર પૂજા ॥ નરનાં નરપણું[1] ભાળો.
રમીએ ગુજરાતે રે. ૮

ભરૂચની ટેકરી બહુ બાકી ॥ ટીંબા ચઢજો તપાસીરે;
ટેડી પાઘડી કકડતાં કપડાં ॥ રૂમાલ તો કરમાસી.
રમીએ ગુજરાતે રે. ૯

ભાંગ્યું ભાંગ્યું પણ એ છે ભરૂચજ ॥ ભૃગુનો આશ્રમ કહાવે રે;
શે'ર જુનું ગુજરાતે, આજે પણ ॥ રૂ બહુ રેલ[2] ચડાવે.
રમીએ ગુજરાતે રે. ૧૦

ત્યાંથી કબીરવડ જોવા જજો ॥ જગમાં જે છે નવાઇ રે;
જોઇ ડભોઇ પાછા વળજો ॥ માળ માલ ન કાંઇ.
રમીએ ગુજરાતે રે. ૧૧

મેલ્યું ભરૂચ કે આવ્યું કા'નમ ॥ કાળી ધરતી રસાળી રે;
જ્યાં ચોમાસે જાય ટળી પગ ॥ કણબી કન્યા દે ગાળી.
રમીએ ગુજરાતે રે. ૧૨

મિયાંગામ ઇટોલુ આવે ॥ આવે ઝાડનાં ઝૂંડરે;
ઝાડે ચારે તળ ચરોતરનું ॥ ગોદરૂં આ છે પ્રચંડ.
રમીએ ગુજરાતે રે. ૧૩

---

૧ મરદાઇ, પરાક્રમ. ૨ રેલ્વેને માર્ગે. ૩ પંચમહાલનો માળ પ્રદેશ.

વડોદરે નિર્ભ્રાન્ત ઉતરજો ॥ નથી મલ્લારરાવ ઘેલો રે;
દાણનું તો છે હજી કાયમ ॥ ગાંઠડી હેઠે મેલો.
રમીએ ગુજરાતે રે. ૧૪

લક્ષ્મીવિલાસ ને મોતીબાગ ને ॥ નજર બાગનો મીનારો રે;
જો જો સવારી સાઠ મારીને ॥ નૃપ નવીન પ્રમાણો.
રમીએ ગુજરાતે રે. ૧૫

પાન ને પર્વળ લઈ પરવરીએ ॥ શો ઉંચો પૂલ મહીનો રે;
"આવી મહીં ને ચિંતા થઇ" ॥ એ ઉખાણો હતો અહીંનો.
રમીએ ગુજરાતે રે. ૧૬

આપે જણાય છે આવ્યું ચરોતર ॥ બોલી ને બુદ્ધિ જ્યાં જાડી રે;
જાડી પણ ગાઢી કસવાળી ॥ ધંધેકોસરે[1] હદ વાળી.
રમીએ ગુજરાતે રે. ૧૭

હોય જવું વડતાલ કે ડાકોર ॥ તો વચમાંથી વિચરજો રે;
કપડવંજે કાચ ને સાબુ ॥ જોઇ સુધારો કરજો.
રમીએ ગુજરાતે રે. ૧૮

આવી આનંદે પાછા આણંદે ॥ કે નડિઆદે મળજો રે;
મહમદશાહનું શે'ર જોઈને ॥ અમદાવાદે વળજો.
રમીએ ગુજરાતે રે. ૧૯

અમદાવાદે આદે હતી બહુ ॥ ગાદી મોટી પાદશાહી રે;
જ્યાં ત્યાં મસીદ ને તોડા[2]તે હજી ॥ યાદ આણે છે બાઇ!
રમીએ ગુજરાતે રે. ૨૦

જુમામસીદ શી મોટી ॥ મહમદશા'નું સેન સમાય રે;
જુમામસીદ જોતાં તે વખતની ॥ ઝાંખી આજે થાય.
રમીએ ગુજરાતે રે. ૨૧

---

૧ કરકસર કરવાનો ગુણ. ૨ નાના મિનારા.

ભદ્રની શોભા છે બહુ સારી ॥ ત્રણ દરવાજે કમાન રે;
હઠીસીંગને દહેરે આરસ ॥ ઓપે હીરા સમાન.
રમીએ ગુજરાતે રે. ૨૨

શાહઆલમ સરખેજની શોભા ॥ શી રીતે વર્ણાયરે !
અસલી ઇમારત હુન્નર આગળ ॥ ઇજનેરી લજવાય.
રમીએ ગુજરાતે રે. ૨૩

રાજનગરમાં જન ઉદ્યોગી ॥ કોડીલા કસરની સાથેરે;
વિવેકી ને વળી પરગજુ પણ ॥ તન મન કળ[1] ત્રણ વાતે.
રમીએ ગુજરાતે રે. ૨૪

રસમાં છે અહીં છપ્પા સામળ ॥ કવિના પૂરણ કામરે;
જેમ સુરતમાં પ્રેમાનંદ ને ॥ વડોદરે દયારામ.
રમીએ ગુજરાતે રે. ૨૫

ગઈ પાદશાહી ઘણા દીવસથી ॥ પણ શાહે[2] રંગ રાખ્યોરે;
બાંધી સાડાત્રણ તાંતણે શે'રને ॥ ધંધો ધોકારે રાખ્યો.
રમીએ ગુજરાતે રે. ૨૬

ધોતીજોડા, પીતાંબર સાડી ॥ જે જોઇએ તે લેજો રે.
બાર બોલાવે બો'તેર આવે ॥ કોક દલાલને કહેજો.
રમીએ ગુજરાતે રે. ૨૭

આવે દલાલ, ને લાવે લટકતા ॥ વેપારી ટોળેટોળાં રે;
લઢે વઢે, દે ગાળ, ખેંચે સમ ॥ ખાય કરે કાગારોળા.
રમીએ ગુજરાતે રે. ૨૮

---

૧ ચપટી દાણા. ૨ વેપારી વાણીઆએ.

આવો અગાડી ગાયકવાડી ॥ ઘોડા ફરે મદમાતારે;
વડનગર ને વીસનગરે ॥ જાવું પણ નથી જાતા.
રમીએ ગુજરાતે રે. ૨૯

સરસ્વતીતીર સુંદર સિધપુર ॥ કપિલ મુનિનું ધામરે;
પાટણ પ્રાચીન રાજધાનીને ॥ અહીંયાથીજ પ્રણામ.
રમીએ ગુજરાતે રે. ૩૦

કાઠિઆવાડે હાલ નથી ભો ॥ હાલો+ તે ભણી જઇએરે;
દેશી રાજના દુઃખડાં દેખી ॥ દીલમાં દુઃખીઆં થઇએરે.
રમીએ ગુજરાતે રે. ૩૧

રેત ગઈને પાંણા આવ્યા ॥ ઝાડનું ન દેખું નામરે;
ખરે સૌરાષ્ટ્ર તો ખનિજખજાનો ॥ ખોલ્યાનો ખરો ઠામ.
રમીએ ગુજરાતે રે. ૩૨

પ્રથમ જુનાગઢ ચાલો જોઈએ ॥ નરસિંહ મે'તાનો ચોરોરે;
છતું કર્યું ગુજરાત સપૂતે ॥ એનો પાડ ન થોડો.
રમીએ ગુજરાતે રે. ૩૩

જામનગર મચ્યું રાગ ને રંગમાં ॥ ભાવનગર ભળપણમાંરે;
પહેલા વર્ગનું ચોથું ધ્રાંગડું ॥ પોરબંદર હાલ ગણમાં.
રમીએ ગુજરાતે રે. ૩૪

સુદૃઢ, તીખા, શોખી શાણા ॥ મતલબી ખટપટવાળારે;
મીઠા તો મધથી પણ અદકા ॥ લોક આણીકેરા ભાળ્યા.
રમીએ ગુજરાતે રે. ૩૫

જોવા લાયક રાજ્ય રહ્યાં બહુ ॥ પણ કહોને શું કરીએરે !
રાજાધિરાજની રાજધજા જ્યાં ॥ રાજકોટે જઇ ઠરીએ.
રમીએ ગુજરાતે રે. ૩૬

+ચાલો.

દરેક બીજાં રાજ બધાં ત્યાં ॥ આવી પ્રસંગે જાશેરે;
જોઈ રહ્યા, કે વળશું પાછા ॥ પ્રવાસ પુરો થાશે.
રમીએ ગુજરાતે રે. ૩૭

રહી ગયું જોવું દીવ બંદર ॥ ને ધોળેરૂં ઘોઘુરે;
ખારેઘોડે ખૂટે ન મીઠું ॥ પાણી પણ જ્યાં મોંઘું.
રમીએ ગુજરાતે રે. ૩૮

પશ્ચિમે દ્વારિકા, પૂર્વે કાળી ॥ ઉત્તરે અંબા માતરે;
દક્ષિણે કુંતલેશ્વર એ છે ॥ ચારે ચોકી ગુજરાત.
રમીએ ગુજરાતે રે. ૩૯

ઉના પાણીના કુંડ લસુંદ્રા ॥ ગોધરા, ને ઉનઈ એ રે;
ગંધક તે ગંધાય છે ખુલ્લો ॥ રામ સુધી શીદ જઇએ ?
રમીએ ગુજરાતે રે. ૪૦

વિમળશાહનાં દે'રાં બળેલાં ॥ લાવા રસમાં+ દટાયાંરે;
જોતાં જાણે જ્વાળામુખીનું ॥ જોર જે જન છે ડાહ્યા.
રમીએ ગુજરાત રે. ૪૧

રહી છેવાડે છાવણી ડીસા ॥ હવાપાણી જ્યાં સારાંરે;
પાલણપુર ઉપરથી થઈ ને ॥ આબુજી જોવા ધાર્યા.
રમીએ ગુજરાતે રે. ૪૨

વળી વનસ્પતિ વિધવિધ ઔષધિ ॥ જૈન દે'રા જયકારીરે;
" અડે કડે " કરનાર મેવાડને ॥ મારવાડી અહીં બારી.
રમીએ ગુજરાતે રે. ૪૩

+પૃથ્વીની અંદર જે બળતો રસ છે તે જ્વાળામુખી ફાટે ત્યારે તે બહાર ઉછળાઈ આવે છે.

વાદળાં અંગે અડકી હીંડે ॥ ટાડે જવાય હુંઠવાઈ રે;
પાલીતાણે, ગીરનાર શેત્રુંજે ॥ ભૂલ્યા આપણે જવું ભાઈ.
રમીએ ગુજરાતે રે. ૪૪

રાધનપુર જઇ રણને ઝાંખવું ॥ કચ્છભૂજ જ્યાંથી જવાય રે;
માંડવી બંદરથી ઉપડતાં ॥ મુંબઇ બોટે[1] અવાય.
રમીએ ગુજરાતે રે. ૪૫

મુંબઇ તો અલબેલીજ કહાવે ॥ જાણીતી જગમાંહ્ય રે;
વિદ્યા હુન્નર, વેપાર ને રાજનું ॥ નૂર નવલ શું ગાય.
રમીએ ગુજરાતે રે. ૪૬

ચૈત્ર માસનું ચિત્ર.

ગરબી (ચોછક્કા.)

ચતુર ચૈત્રને વસંતવર્ગે શીદ ભણ્યો જો ?
લોકે ક્યારે ઉનાળે લેખી ગણ્યો જો ?
પડે તાપજ બપોરે, તોબા તે થકી જો;
રુડી, રાત્રિને સવાર, સાંજ છે નક્કી જો. ચતુર૦

રાતે નિર્મળા આકાશે, તારા ઝગઝગે જો;
ચોગમ ચંદનીમાં ચંદ સારું ચગચગે જો. ચતુર૦

સાંજે વાણે શીતળ મંદ પવન વાય છે જો;
એથી નિશાળો સવારમાં ભરાય છે જો; ચતુર૦

પણ જંત્ર વેળા ધરતી ધગી જાય છે જો;
છત્રી જોડા વિના ડગલું ના મુકાય છે જો. ચતુર૦

---

1 આગબોટ.

પડે તાપ તપે તાલકું માથું ભમે જો;
લોહી ઉકળે ને આવે ઊંઘ આ સમે જો. ચતુર૦

ઊંઘે વાઘ નાગ આદિ શોધી છાંયડા જો;
બેઠાં ઝાડ પર, જો ડોલાં ખાય પંખીડાં જો. ચતુર૦

પેઠાં માળામાંએ બાળપંખી તરફડે જો,
નવલ કહે લાગે લૂ, બાળક બહાર રડવડે જો. ચતુર૦

વૈશાખ માસનું ચિત્ર.

લૂ લૂ લૂ વૈશાખે શાખે શાખો લાધીયો જો !
આ શું પૃથ્વીએ પંચાગ્નિ જોગ સાધીયો જો ! લૂ લૂ લૂ૦ ૧

જાણે ભઠ્ઠીનીજ પાસ ઉભાં આપણે જો;
એવા તડકાના ભડકા લાગે બારણે જો. લૂ લૂ લૂ૦ ૨

આંખે આવે અંધાર તડકે તાકતાં જો;
વને વનચરો જળ ઝાંઝવાંનાં ઝાંખતાં જો. લૂ લૂ લૂ૦ ૩

ગોંધાઈ ઘરમાં બેઠે ન ચેન આ ઘડી જો;
આવે ઝાળ, ને ઝલ્લાઇ જાય ચામડી જો. લૂ લૂ લૂ૦ ૪

ગામ બહાર લૂને ઝપાટે ઘાસ છોડવા જો;
ગયા સુકાઈ સીમાડા માણુસ સમ હવા જો. લૂ લૂ લૂ૦ ૫

બોડાં બોડાં બહુજ ઝાડ પણ દીસે ખરાં જો;
વાયા વાયરા, ને ખરર ખર્યાં પાતરાં જો. લૂ લૂ લૂ૦ ૬

વાંસનાં વન સળગી ઊઠે આ સમે જો;
દારુણ દવ બહુંજ બાળતો ચોગમ ઘુમે જો. લૂ લૂ લૂ૦ ૭

પશુ પક્ષી વૃક્ષ વલ્લીૉ પ્રલય થાય જો;
ઉજડ ઉજડ નવલ જંગલો જણાય છે જો. લૂ લૂ લૂ૦ ૮

जेठ मासनुं चित्र.

આવ્યો જેઠ ને બફાઇ ચાલ્યાં બાફથી જો !
ફૂટે છે ફૂવારા જોને રોમ રોમ જો. આવ્યો જેઠ૦ ૧
એવાં ઝરણુ ઝાઝાં મળી નદી વહે દીસે જો;
ટીપાં ટપકે ટપ કપાળે, ગાલે, ને ગળે જો. આવ્યો જેઠ૦ ૨
જળ જેટલું ઝરે છે, તેટલું ખરે જો;
પાણી પાણી કરી પ્રાણુ પાછું લે અરે જો. આવ્યો જેઠ૦ ૩
સુકી જીભ ને જનાવરો દોડે વન જો;
હતાં જે સૂતાં સંતાઇ ગુફાને ખુણે જો. આવ્યો જેઠ૦ ૪
મળે જળ ન જળ વિના સૌ વ્હાવરા થયાં જો;
નદી નાળાં ને તળાવ તો સુકાઇ ગયાં જો. આવ્યો જેઠ૦ ૫
પાણી કુવાનાંએ કમી થઇ જાય છે જો;
લાંબા દહાડલા આ દોહલા કહેવાય છે જો. આવ્યો જેઠ૦ ૬
ઘણાં હોય છે તોફાન દરીઆ પરે જો;
ચડી વા વંટોળે જળથળે જુલમ કરે જો; આવ્યો જેઠ૦ ૭
ધરણીથી ઉઠાવી ધૂળ ગગને લઇ ચડે જો;
આંધી હોય ને દબાય આદમી ઊટ દડે* જો. આવ્યો જેઠ૦ ૮
વાંણો ડાલી, સઢ તોડી ચકડોળે ચઢી જો;
ડુબે દરીઆમાં, જોને મરણુ બૂમ પડી જો ! આવ્યો જેઠ૦ ૯

---

* ધૂળના ઢગલા.

મહાસાગરે જળસ્તંભ થઇ મેઘે મળે જો;
રણે રેણુનારે નવલ થાતા હળહળે જો. આવ્યો જો૦ ૧૦

भक्तिनुं परोढीउं.
राग प्रभात (ચોછકા.)

ઊઠી પ્રભાતે સમરીએ–રાગ.

શાંત શાંત સકળ સ્થળે શાંત ચિત્ત સારૂં;
શાંતિનો દાતાર સાર, શ્રી પ્રભુ સંભારૂં. શાંત શાંત૦ ૧
પૂર્ણ બ્રહ્મભક્તિનું પરોઢીઉં છે આજે;
પ્રફુલ્લ ઉદક કમલ પલ્લવ બુંદ આનંદ રાજે. શાંત શાંત૦ ૨
મોહરાત્રિનો કાળાશ ઝાંખો થયો ભાઈ;
પાપરૂપ પોયણી આપે ગઈ બિડાઈ. શાંત શાંત૦ ૩
શીતળ, સુગંધિત, મંદ ચિદાનંદ પવને;
જાગ્યો જીવ જગાડે જગત, ગંભીર ગૂઢ કવને. શાંત શાંત૦ ૪

[छठ्ठुं धोरण भणनारीओने सारु.]

प्रभातनुं वर्णन.

प्रभातीउं. (અષ્ટ ચોકા.)

જાગો, જાગોરે, મારાં ઉજમાળાં બેનો કે
વાંણેલાં ભલાં વાયાંરે! ટેક.
જાગ્યાં જાગ્યાંરે મોર પોપટ મેના કે, વાંણે૦ ૧
ધીમે ધીમે રે બોલ બોલે રસાળા કે, વાંણે૦
જાણે જાણેરે, એ જગાડે બાળા કે, વાંણે૦ ૨

બીજાં બીજાંરે બા'ર પંખી કરે કલ્લોલ કે, વા'ણે૦
ઊડે ઊડેને મીઠું જ બોલે કે, વા'ણે૦ ૩

ચીં ચીં ચીં ચીં કરે ચકલી આનંદે કે, વા'ણે૦
રમે રમે, ખીસકોલી સ્વચ્છંદે કે, વા'ણે૦ ૪

બોલે બોલેરે, ગાય ભેંસ ગૌશાળે કે, વા'ણે૦
નાચે નાચેરે, નાના વાછરૂ વા'લે કે, વા'ણે૦ ૫

જોજો જોજોરે, ઉંચે પંખી આકાશે કે, વા'ણે૦
ચક્કર ચક્કર, ફરે ફુદડી ઉલ્લાસે કે, વા'ણે૦ ૬

ઉંચો ઉંચોરે, ચડયો સૌથી ચંડોળ કે, વા'ણે૦
ગાતો ગાતોરે, રસે ઝાકમઝોળ કે, વા'ણે૦ ૭

ગાએ ગાએરે, ગુર્જરજન બ્રહ્મનામ કે, વા'ણે૦
હરખે હરખેરે, આખું જગત આમ કે, વા'ણે૦ ૮

હસી હસીરે, ઊઠયાં વૃક્ષને વેલા કે, વા'ણે૦
ખીલ્યાં ખીલ્યાંરે મન કમળ આ વેળા કે, વા'ણે૦ ૯

ઊગે ઊગેરે સુરજ સુખધામ કે, વા'ણે૦
તેનો તેનો આ, ઓચ્છવ ઠામ ઠામ કે, વા'ણે૦ ૧૦

ભાળે વા'ણેએ સૌ ઉગમણી દીશ કે, વા'ણે૦
રાતી રાતી જે, સોનેરી અતીશ કે, વા'ણે૦ ૧૧

ઓ ! આ ઊગ્યારે, જગ ઝગમગ્યું સંધું કે, વા'ણે૦
જાણે ઝબકોળીરે, કાઢયું જ્યોતિને સિંધું કે, વા'ણે૦ ૧૨

દીપી દીપીરે, ઊઠયા બાગબગીચા કે, વા'ણે૦
ઝળકયા ઝળક્યારે લીલા ઘાસે ગલીચા કે, વા'ણે૦ ૧૩

જયજયજયરે, ભણી ઋષિઓ ઉભેલા કે, વા'ણે૦
હેતે હેતેરે, ધરે ધ્યાન આ વેળા કે, વા'ણે૦ ૧૪

ધ્યાને ધ્યાનેરે, પરિબ્રહ્મને ધારે કે, વા'ણું૦
માગે માગેરે, સદ્બુદ્ધિજ પ્યારે કે, વા'ણું૦ ૧૫

સાચે સાચેરે, સમો ભકિતનો આ છે કે, વા'ણું૦
સહેજ સહેજરે, સંધ્યા વંદન સાચે કે, વા'ણું૦ ૧૬

આ છે આ છે રે, સુખધામ કાળ કે, વા'ણું૦
જે કોઈ જાગેરે તેનાં ભાગ્ય વિશાળ કે, વા'ણું૦ ૧૭

આવે આવેરે, મંદ શીતળ પવન કે, વા'ણું૦
એ'કે એ'કેરે, શી સુંગધી આ વન કે, વા'ણું૦ ૧૮

તાજાં તાજાંરે, થાય તન ને મન કે, વા'ણું૦
વાધે વાધેરે, વય વિદ્યા ને ધન કે, વા'ણું૦ ૧૯

ઇતિહાસની આરસી.

ગરબી (છચોકા.)

ઇતિહાસની આરસી સાહી ॥ મેં જોયું માંહી.
થીર થાવર દીઠું ન કાંઈ ॥ ફરતી છે છાંઈ ! ૧

આ મુલક બધામાં આજ ॥ કયાંના કયાં રહેતા;
ઈંગ્રેજ કરે છે રાજ ॥ જગમાં જશ લેતા. ૨

પણ એંસીજ વર્ષ પછાત ॥ જો જોઇએ એ ઝાંખી;
દીસે દક્ષણીઓ ગુજરાત ॥ ઘૂમતા ડર દાખી. ૩

શો પેશવાઇનો દોર ॥ પુનેથી સંચરતા;
બહુ ચઃરા જાલમ જોર ॥ "ઇકડે યા" કરતા ૪

માંડયા રાજે અધર્મ અપાર ॥ ધર્મનું કહાવે જે;
ફરી ચાર દિવસ ચમકાર ॥ શૂન્ય થયું સહે જે. ૫

પેશવાઈ પહેલાં મુગલાઇ ॥ ચાલતી ચોપાસે;
અહીં સ્થાપી અકબરશાહીં ॥ બાંધી નીતિ પાસે. ૬

નહિ જુલમ, ન ઝાઝું દાણુ ॥ નહિ પક્ષાપક્ષી;
દીધું દેશાને માન સમાન ॥ દેશાઇગીરી બક્ષી. ૭

ટકી બસેં વરસ મુગલાઇ ॥ તે આને યોગે;
જ્યારે રાજનીતિ બદલાઇ ॥ પડી મરવા રોગે. ૮

આ બસેં વરસ પણુ બાદ ॥ કરી જો પછવાડે;
પાદશાહી અમદાવાદ ॥ સ્વતંત્રપણે લાડે. ૯

" કુત્તે પર આયા સસ્સા—બસાયા શેર શા'હને;"
આ આશા ભીલને અસા—વળે ગમ્યું તેજાંને. ૧૦

થયો અહમદ બેગડો એક ॥ છેક મહા મોટો;
બાંધ્યાં મસીદ મિનારા અનેક ॥ શે'ર, સણુંગ કોટો. ૧૧

હતો જબરદસ્ત મહા શૂર ॥ મહા મોટો જંગી;
ચડી વાંણે લડી ચકચુર ॥ કર્યા બહુ ફિરંગી. ૧૨

પણુ ચારસેં બાર અગાઉ ॥ હતું કયાં શે'રજ;
હવે પાટણુપુરને ગાઉં ॥ થયો અકરા કેરજ. ૧૩

સન તેરસેં પુરાં માંહ્ય ॥ થયા હિંદપુરા;
પડ્યું પાટણુ વરત્યો ત્રાહ્ય ॥ ધિક ! નાગર નગુરા ! ૧૪

પેઠા મુલકમાં મુસલમાન ॥ "મારૂં મારૂં" કરતા;
લૂંટે ઝૂંટે વટાળે, લે જાન ॥ વહુ દીકરી હરતા. ૧૫

લડયા પડયા હજારો શૂર ॥ "ભલે મારીએ મરીએ,"
વહ્યું લોહી; જેમ જળપૂર ॥ ડૂબ્યો દેશ તે દરીએ। ૧૬

એ દિવસ પડી જે પોક ॥ હજી ગગને ગાજે !
એ દિવસ દેશીઓ શોક ॥ કરોને મળી આજે ! ૧૭

એ દિવસ થકી પરતંત્ર ॥ થયા, લાગી ખાંપણ રે !
એ આગે હતા સ્વતંત્ર ॥ હિંદુ સૌ આપણે રે ! ૧૮

વધ્યો શોક થંભ્યું મુજ ગાન ॥ જ્ઞાન આ એકજ રે;
વિના ધર્મ, **નવલ,** આ સ્થાન॥ ચલિત સૌ છેકજ રે. ૧૯

વસંતવર્ણન.

હોરી.

પચરંગી પટકુલ ધારી,
દીપે આ કુદરત આ રો ન્યારી,

કુમળાં ચળકતાં વૃક્ષે સજ્યાં ॥ નવ પલ્લવ જુનાં ઉતારી,
આંબે મોર અથાકજ ઝૂકે ॥ જાણે કલગીઓ સારી;
વસંતની આવી સવારી ! દીપે૦ ૧

વીટી વળી સૌ સૌને ॥ વૃક્ષે હસ્ત પ્રસારી,
ફૂલનાં ઝુમખે ઝુમખાં જે પર ॥ રંગબેરંગી અપારી !
ઝૂલે ઝાડી ફૂલ ભરી ભારી ! દીપે૦ ૨

ફૂલ ભરી ડાળો ડોલે, ખરે ફૂલ ॥ પથરાઇ ફૂલની પથારી,
ભમર હજારો ગુંજાર કરતાં ॥ સુગંધી લેતાં ગયા હારી !
બધુંજ રહ્યું બહેક જ્યાં મારી ! દીપે૦ ૩

ફૂલ ભરી ડાળાં ડોલે હિંડોળે ॥ બેઠાં પોપટ મેના પ્યારી,
ને નવરંગી અવર બહુ પંખી ॥ મધુર કરે રવ ! તારી;
કોયલની છે બલિહારી ! દીપે૦ ૪

કોયલો કૂકૂ કૂકૂ કૂકૂ કરી રહે ॥ પંચમ સૂર અનુરાગી,
ઘટ્ટ ઘટામાં પડઘા પડે ને ॥ કુંજ દીપી રહી સારી;
મનોહર કામણગારી ! દીપે૦ ૫

દ્રાક્ષને માંડવે લાખો દરાખો ॥ લીલી લોચનકારી !
કુમળા બપોરના તાપે તરસ્યાના હાથ લોભાવનારી;
કંઠે ઠંડક કરનારી ! દીપે૦ ૬

ઊગ્યા ગુલાબ, ને આવી ગુલાબી ॥ ટાઢની તો હવે વારી !
વાયે સવારમાં મંદ સુગંધિ ॥ શીતળ સમીર સુખકારી;
અંગે ઉમંગ વધારી ! દીપે૦
રંગ્યાં ઉમંગમાં પશુ, પંખી નર ॥ નાર કુમાર, કુમારી, ૭

સર્વે સજોડે રમે, જમે કોડે, ॥ સર્વ કરે મઝાહારી;
મુખે મીઠી હોરી ઉચારી ! દીપે૦ ૮

હોરીના સૂર ઘૂમી રહ્યા ચોગમ ॥ ચોગમ લગન છે જારી,
લગનસરા તો વસંતેજ સોહે ॥ વસંત છે લગન આચારી !
જેણે રચી અજબ તૈયારી ! દીપે૦ ૯

એ રીતે આ રતે પાંચે ઇંદ્રિયો ॥ ને હૃદય રીઝયાં સંસારી,
હોળી રમણુ, આ હરખ મરણુની ॥ રીત સ્વભાવિક ધારી;
ગણો ચાલ ગંદી નકારી ! દીપે૦ ૧૦

સંત સ્તવે ભગવંત વસંતે ॥ ઉચ્ચ સ્વરે લલકારી,
જેણે જગતમાં ચોગમ ફરતી ॥ આવી અનુપ ઉપકારી;
લલિત લીલા વિસ્તારી ! દીપે૦ ૧૧

જય ! જય ! જય ! સચરાચર સુંદર ॥ જય ચિદ્રૂપ ભયહારી,
જય ! જય ! એક અકળ, બ્રહ્માંડ ॥ અખંડ અખિલ વિહારી;
નવલ તન મનના ધારી. દીપે૦ ૧૨

ગુણનું કજોડું—વહેમી સ્ત્રીનું વર્ણન.

ગરબી (સમછકકો)

કેવું આ કજોડું તે કહેવાય, દેશી કહોને તમે કેવું આ૦ ટેક

પુરુષ તો ભણ્યો ને ગણ્યો છે ઘણો ગુમાની આ;
સ્ત્રીથી ન સ્વભાષા શુદ્ધ બોલાય. દેશી૦ ૧

ભાઈ તો ભૂગોળ ને ખગોળમાં ઘૂમે છે;
બાઈનું તો ચિત્ત ચુલામાંય. દેશી૦ ૨

પુરુષ આ પ્રવીણ પુરો પુસ્તકો રચે છે;
પેલીથી ન પત્રએ વંચાય. દેશી૦ ૩

ભાઇ તો સ્વદેશને સુધારવા મથે છે;
બાઇ કહે 'હું જોઉં શી રીતે થાય.' દેશી૦ ૪

પુરુષ ધૂર્ત ઢોંગીનાજ ઘાટમાં ફરે છે;
તે તો ઘેર પેલીથી પૂજાય. દેશી૦ ૫

ભાઈ તો સભામાં જઇ સુભાષણો આપે;
બાઇ જઈ રાજ્વીઓ ગાય. દેશી૦ ૬

પુરુષ તો પધારે સુધારાની મંડળીમાં;
પેલી પાપી મંડળીમાં જાય. દેશી૦ ૭

ભાઈ તો નસીબનો નકાર કરે મૂળથી;
બાઈ તો ગરોડા પૂંઠે ધાય. દેશી૦ ૮

પુરુષ તો પવિત્ર પરમ ઇશને પૂજે છે;
ગોવાળની ગલીચીં પેલી ચાહ્ય. દેશી૦ ૯

બાયડી ન ભૂલથીએ ભુંડું કદી ભાખે;
ભુંડણી વિવાહે વિષ્ટા ખાય. દેશી૦ ૧૦

દેશીઓ, ન દોષ દેશો, જો કદી એ બાપડો;
હારી કરે એ પીડા વિદાય. દેશી૦ ૧૧

છેકજ જ્યાં આર્વી રીતભાત મતિ જુદી છે;
પ્રીત તે શી રીતે બંધાય. દેશી૦ ૧૨

વાત શું કરે ને અરે ચીત તે શું એ કરે?
એક એકને ન જ્યાં સુહાય. દેશી૦ ૧૩

ચાલતા વહેવારની તો વાતજ તજવી;
એણેજ રણસ્તંભ રે રોપાય. દેશી૦ ૧૪

વિદ્યાના વિનોદકેરી વાતજ કદી કહાડે;
બ્હીલું બ્હીલું પેલી જોય ત્યાંય. દેશી૦ ૧૫

વર્ત્તમાનની વાત એને નહિ ગોઠે;
એની તો જુદીજ છે દુનિયાય. દેશી૦ ૧૬

એને ઝોડઝપટની, કે કામણ દુમણનીજ વાત;
કે કૂટવા જવાની રે સદાય. દેશી૦ ૧૭

એ તો જાણે ખાવું પહેરવું ને ઓઢવુંજ;
કે નજર ઉતારના ઉપાય. દેશી૦ ૧૮

ઝાઝું શું કહેવુંરે થોડું લખે ઘણું માનજો!
અભણ વ્હેમી મુરખની એ રાય. દેશી૦ ૧૯

વયનું રે કજોડું કદી હોય, હાય હાય થઈ;
ભુંડું ભુંડું ભુંડું બહુ ભણાય. દેશી૦ ૨૦

રૂપનું કજોડું પણ વિરૂપરે મનાય છે;
ગુણનું કજોડું ના ગણાય? દેશી૦ ૨૧

કેમરે લગાર કંઇ વિચાર કરો, નાર નહિ કે;
નરથી આ કજોડું કેમ વેઠાય? દેશી૦ ૨૨

ગુણોનું કજોડું સર્વથી સંસારમાં;
લાહ્ય જેની ન કદી હોલાય. દેશી૦ ૨૩

લાહ્ય એ લાગી રહી છે ઠામઠામ **નવલરામ**
આંખ જો ઉઘાડો તો દેખાય. દેશી૦ ૨૪

બાળલગ્નનાં तमाम नुकसाननो उपसंहार.

गरबी (સપ્ત ચોકા.)

હાંરે નામ બાળલગનનું બાળો !
બાળો કે ખાડામાં ઘાલોરે ! નામ બાળ૦ } ટેક૦

બાળલગનનું નામજ સૂણતાં, આવે મને કંટાળોરે; નામ૦
બાળલગનનું દુઃખ દેખીને, દેશ થઈ ગયો કાળોરે; નામ૦
બાળ બિચારૂં શું સમજે એમાં ? ઠાઠ શો માંડયો ઠાલોરે; નામ૦

દેવ ઉપર શીદ દોષ મૂકો છો ? પ્રકૃતિ વિરૂદ્ધજ ચાલોરે; નામ૦
બાળલગનની ભુંડી રુઢિ, આંખ ઉઘાડી બાળોરે; નામ૦

ભુંડી રંડાએ સુકવી નાંખ્યો, સુંદર દેશ રસાળોરે; નામ૦
બાળલગનથી તો બાળકબળનો, પાયો પૂર્ણ પ્રજાળ્યોરે; નામ૦

ઉદ્યમ હોંસ પરાક્રમ આદિ, સ્હેજે બળી ગઈ ડાળોરે; નામ૦
બાળલગનથી તો વિદ્યાવૃદ્ધિનો, મારગ મૂળથી ખાળ્યોરે; નામ૦
"ભટ્ટ ભણ્યા તો કે પરણ્યા છીએ, ધનમાં આ
ઉભી ધાડોરે;" નામ૦
બાળલગને બળબુદ્ધિ હરીને, સુખનો સંભવ ટાળ્યોરે; નામ૦

હુન્નરકળામાં પાછળ પાડી ! પૈસો વિલાતે ટાળ્યોરે; નામ૦
બાળલગનથી હોય કજોડાં. દુઃખ દુઃખ જેમાં હજારોરે: નામ૦

બાળલગને હડહડતો આણ્યો, કળજુગ કાળ કરાળોરે; નામ૦
બાળકનાં માબાપ બને છે, બાર વરસનાં બાળોરે; નામ૦

બાળલગને તો ઢીંગલા ઢીંગલી, સરખાં બન્યાં નર–નારોરે; નામ૦
ભર જોબનમાં ઘડપણ આણ્યું; આણ્યો મરણનો વારોરે; નામ૦

બાળલગને બન્યો, બળહીન, બીકણ આપણો સઘળો
 રસાળોરે: નામ૦
બાળલગને અરે બાયલો કીધો, ભરતનો ખંડ યશાળોરે; નામ૦

બાળલગન દુઃખ સકળનું મૂળજ, કળિજુગ એજ વિચારોરે; નામ૦
બાળલગન તજી, નવલ સ્વજન સૌ દેશને ડુબતો તારોરે; નામ૦

फिमेल ट्रेनिंग कोलेज ने सारु

लाडी विदाय.

ગરબી ૧લી (સપ્તચોકો ત્રિતાલ)

આજ હોય સાસરે લાડી વિદાય કરૈ,
આશરે, ઇશ તારે,

ઇશ, તું રક્ષણ કરજે રે એનું;
એનું ન અન્ય કો ત્યાંય રે, આશરે૦ ૧

સાસરી હોય વાળી ઘણેરી;
તો પણ કઠણ કહેવાયરે. આશરે૦ ૨

ગામ અજાણ્યું ને ઠામ અજાણ્યું;
જન અજાણ્યા માંહ્ય રે. આશરે૦ ૩

ખાવું પીવું પણ પરમરજી પર;
ભૂખે મુખે ન મગાય રે! આશરે૦ ૪

નિત્યનાં નિર્ઝણુ કરતાં શીખવાં શું;
આ વ્રત કાઢયું વડાય રે? આશરે૦ ૫

બોલવું તો પૂછયું, ચાલવું ચાલે રે;
કહેલુંજ કરવું સદાય રે. આશરે૦ ૬

બાર વરસની બાળકીએ કયમ;
હાવકાં આમ થવાય રે? આશરે૦ ૭

રમતી કૂદતી હરણીએ તો કયમ;
પગલાં ભરાવ્યાં ભરાય રે? આશરે૦ ૮

લાડે રમેલી કેમ ચરણુ સુખ;
ને મન બાંધી મુકાય રે? આશરે૦ ૯

જીવતાં જડ થઈ પુતળાં પેરે;
નચાવ્યાં કેમ નચાય રે? આશરે૦ ૧૦

જોગી જતીની ન જ્યાં ગતિ ચાલે;
તે કેમ કહો એથી થાય રે? આશરે૦ ૧૧

થાઓ કે નહિ પણ નિશ્ચે કરે છે;
એમજ સુકોમળ બાળાય રે! આશરે૦ ૧૨

એથી અધિક કંઇ હોય ત્યારેજ;
નવલ સાસરીં નિંદાય રે? આશરે૦ ૧૩

ગરબી ૨ જી (ચોચોકા.)

સાસરે જતી છોડીનો ઉત્તર.

માડી તું મારી, છોડને શોક નકામો. }
છોડી સાસરી વીણુ ક્યાં વિસામો ? } ટેક.

સાસરીં તો સર્વે સ્ત્રીને શીર સરજી,
એમાં સુખ શોભા સકળ સુંદરજી;
ચાલી આવી રીત એ તો ઘરઘરજી. માડી० ૧

માટે તમે ધીર ધરી મને આપો,
મને તો સહેજે હોય સંતાપો;
ગમે ન જવું મેલી માયાળુ માબાપો. માડી० ૨

કાપીને કોમળ કેળની ડાળી,
જાણે ખોદી ઠામ કઠણમાં ઘાલી;
રૂએ રૂએ આંસુડાં તે ઢાળી. માડી० ૩

કલેજું મારૂં તો ફડફડ થાએ,
પીપળનાં પાન પેઠે કંપાએ;
મારે મન પૃથ્વી રસાતળ જાએ. માડી० ૪

એવું મને લાગે છે સહજ સ્વભાવે,
સાસરીએ જવું પ્રથમ કોને ભાવે ?
સહેજે સદા સર્વેને રડવું તો આવે. માડી० ૫

તો પણ આ શોક ક્ષણિક ગણુ મારો,
ઉંડો ને ગાઢો બહુજ છે તારો;
દુઃખી મારા દુઃખમાં હોય વધારો. માડી० ૬

સાસરીએ દુઃખ તો પહેલું પલ્લામાં,
તમે કહ્યાં તે બધાં દુઃખ સાચાં મા?
તોપણ સહ્યાં વણ શો છૂટકો છે મા? માડી૦ ૭

માટે મા, શોક તજી કહો પ્રીતે,
સાસરીએ સુખી થવાય શી રીતે?
પરાયાં હોય પોતીકાં નિત્યે. માડી૦ ૮

શાબાશ! શાબાશ! સુતા મતિ તારી!
સફળ કરી સકળ કેળવણી તેં તારી!
સુખી રહે આ છેલ્લી **નવલ** શીખ ધારી. માડી૦ ૯

ગરબી ૩જી (અષ્ટચોકા ત્રિતાલ).

શિક્ષાસૂત્ર.

સાંભળ, સાસરે વાસ કર્યાનાં,
સૂત્ર પવિત્ર મર્માળાંરે;
અક્ષરે અક્ષર અંતર કોતરી,
રાખજે કોમળ બાળારે. ટેક.

કામ કઠણ બહુ કરવાં પોતીકાં,
જે છે છેક પરાયાંરે;
એવું કરતું તો ઇશ્વર હાથે,
પણ આપણે થાવું ડાહ્યાંરે. સાંભળ૦ ૧

પ્રેમ વિના પર પ્રેમ પમાય ન,
કેમે કરી કો કાળેરે;
માટે પ્રથમ તો આપઅંતર ભર,
શ્વસુરપક્ષ પર વા'લેરે. સાંભળ૦ ૨

શ્વસુરપક્ષ છે પક્ષજ તારો,
વિચારી જો ચિત્ત માંહીરે !
જે કુળ ઉપજી ઉછરી હેતે,
ત્યાં તો થઇ તું પરાઇ રે ! સાંભળ૦ ૩

ઘર તે સાસરકુંજ હવે તુંજ,
આ તો પિએર સૌ કહે છે રે;
ભાઈ ભોજાઈ આપે રીઝી જે,
બાપડી બેન તે લે છે રે ! સાંભળ૦ ૪

હક હીયાંથી ઉડયો, બેઠો ત્યાં,
કઠણ વચન આ કહેતાં રે;
હૈયું મારૂં ઉથલાઇ જાએ,
આંખે આંસુ વહેતાં રે. સાંભળ૦ ૫

પરઘરનું ધન પુત્રી કહાવે,
સાચું આજ મેં માણ્યું રે;
સુખ દેખીશ હવે હું જ્યારે તે,
સાચું સરળ એ જાણ્યું રે. સાંભળ૦ ૬

જાણી શ્વસુરકુળ કુળ જો તારૂં !
રહેજે રોજ તે રૂખે રે;
તેની શોભાએ શોભા તારી,
સુખે સુખ દુ:ખ દુ:ખેરે. સાંભળ૦ ૭

"પિએર પનોતું રાખો પ્રભુ પણ,
સાસરૂં તો ઘર મારૂં, રે;"
એમ વિચારી મનસા વાચા,
કર્મણા કરે તે પ્યારૂં રે સાંભળ૦ ૮

પ્રેમે પોતીકું એમ ગણ્યું કે,
સહેજે પોતીકું થાશે રે;
સાસુ, નણંદ, વર, દીયર. સસરો,
સર્વે ચિત્તથી ચા'શે રે. સાંભળ૦ ૯

વખતે વચન કડવાં કહે તો પણ,
વિનય ન તજવો તારે રે;
"વનો વેરીને વશ કરે છે"
મંત્ર એ મોઘો ભારે રે. સાંભળ૦ ૧૦

"કામ કર્યાં તેણે કામણ કીધાં,"
એ કહેવત છે સાચી રે;
દોરા ચિઠ્ઠી ને છુમંતરની,
કથની કપટી કાચીરે. સાંભળ૦ ૧૧

વિનય વિવેકને વા'લ વધારી,
ધરી ધીરજ, કરી કામો રે;
સદા સુઘડતા, સદ્‌ગુણ ગ્રહીને,
નવલ કહે સુખ પામો રે. સાંભળ૦ ૧૨

ગરબી ૪થી (રાગ ઉપરનો).

શાણાં, સુઘડ સદ્‌ગુણી બની એની,
સાસરે સુખીઆં થાજો રે!
સંસારે સૌને સ્ત્રીકર્ત્તવ્યો,
કરી પરમ પદ પાજો રે! શાણાં૦ ૧

છ'ર મિજાજ તો ત્યાગજ કરવો,
જો સાસરીએ રહેવું રે!
શાણપણે સૌ સાથે બોલવું,
ચાલવું લેવું દેવું રે. શાણાં૦ ૨

મધુર વચન, છે મધથી મીઠાં,
જનમન રંજનકારી રે;
નારીનું ભૂષણ—નારીજ નહિ જે;
નગ્નપણું ન ધરનારી રે; શાણું૦ ૩

સ્વજન, પરજન, દાસ દાસીશું,
વદવું વિધિ વિવેકે રે;
સૌ સાથે સૌ લાયક ચાલવું,
મા'લવું મારગ સીધે રે. શાણું૦ ૪

વણ કહે મન વર્તી વરતવું,
સાસરે સૌને અનુસરતું રે;
પિયુરંજન પર તો મન નિશ દિન,
ખંતે અખંડજ ધર તું રે. શાણું૦ ૫

પ્રેમે પિયુમન રંજન કરવું.
માનિની ધર્મ એ મોટો રે;
ચાર પદારથ એથી પમાયે.
અન્ય ઉપાય તે ખોટો રે, શાણું૦ ૬

સ્વામી સંબંધે શ્વસુરપક્ષની,
સેવા કરવી સુરીતે રે;
માતપિતા સમ . સાસુસસરા,
માનવા મનથી નિત્યે રે. શાણું૦ ૭

પોતાનુંજ ઘર હવે થયું જે,
તે તો સંભાળવું ભાવે રે;
ઘર ગોઠવણી તો ગોરીનો,
ગરવો ધર્મજ કહાવે રે. શાણું૦ ૮

રાત દિવસ મથી મરે મરદ જો,
કરવા ઘરમાં કમાણી રે;
આણી કમાણી ન વાપરી જાણી,
બાયડી નહિ હે ભુંડાણી રે. શાણું૦ ૯

શાણી સુઘડ સ્ત્રી રોજ કરે છે,
રુડી વ્યવસ્થા ઘરની રે;
કરકસર કરે, રહે સૌ સરખી,
શોભા વધારે વરની રે. શાણું૦ ૧૦

ઘર જોઇ ઘરધણિઆણીનું,
મૂલ કરે સૌ કોઇ રે;
જો ઘરમાં ગુંચવાડો દેખે,
કહે "ફુઅડ ફૂટ મોઈ રે" શાણું૦ ૧૧

સુઘડનાં ઘરબાર, ને ઓરડા,
આરસ જેવાં રૂપાળાં રે;
સદા સુઘડ રહે સુઘડ સુંદરી,
શાણી સુઘડ બાળબાળીરે. શાણું૦ ૧૨

બાળકની સંભાળ કેળવણી,
સ્ત્રીનો ધર્મ એ ત્રીજો રે;
ત્રણે ધર્મ સરળ ને સરસ એ,
પાળ્યા તો પ્રભુ રીઝયો રે. શાણું૦ ૧૩

પ્રભુને પ્રાર્થનાથી પ્યારાં,
કર્ત્તવ્ય કર્મો કરવાં રે;
જપ તપ વ્રત ઉપવાસ મૂકી પણ;
પ્રેમે પતિવ્રત ધરવાં રે. શાણું૦ ૧૪

પતિવ્રતા પતિને અનુસરતી,
હીંડે હરવખતે હેતે રે;
તેની મરજી તેએ એની મરજી,
જીવનદોરી તો તે છે રે. શાણું૦ ૧૫

પ્રાણથી પ્યારો ગણી પિયુને,
અનન્ય ભકિત કરતી રે;
દુર્જન દુષ્ટને દેખીજ દુરથી,
આઘી એ ઓસરતી રે. શાણું૦ ૧૬

નિર્જન વન, ને નિર્ધનતામાં,
રહે પિયુ પાસજ હરખે રે;
સ્વામી વિના નહી સ્વર્ગે સોહાએ!
સ્વામી સંગે સુખી નરકે રે! શાણું૦ ૧૭

સતિ પતિથી છૂટી પડે નહિ,
છાયાવત્ ગત એની રે;
પતિવ્રતાનું પરમ તત્ત્વ છે,
પતિજ, સાંભળ બેની રે. શાણું૦ ૧૮
એની પતિવ્રત ધારી ધીરજથી,
કુળની કીર્તિ વધારી રે;
વિશ્વંભરનો રાખી ભરોસો,
રહેજે, ઓ બેટી વિચારી રે. શાણું૦ ૧૯

સુખી તું સદા હોજે ઉભય સ્થળ!
કર મંગલ! લાડઘેલીરે!
માની કૂંખ વખાણજે વા'લી!
માની નવલ શીખ છેલ્લી રે. શાણું૦ ૨૦

સ્ત્રી સ્વરુપ.

ગરબી.

સંસારનું નૂર છે નાર,
સજન સંસારનું નૂર છે નાર.
સ્ત્રી સુધરે સકળ સુખસાર ટેક.

સજન, સ્ત્રી સુધરે સકળ સુખસાર;
ધૂળધાણી બધું નિરધાર, એ વણ. ધૂળ૦

સુંદર સ્ત્રીનું મુખડું, સુંદર સ્ત્રીનું તન;
સુંદર સ્ત્રીના બોલડા, સુંદર સુંદર સ્ત્રીનું મન ! સજન સં૦ ૧

સુંદર સેવા સ્ત્રી કરે, સુંદર ધરેજ સ્નેહ;
સુંદરતા સંસારમાં, ભરનારી નારીજ છેય ! સજન સં૦ ૨

આપે જન્મજ જગતને, પાળે પૂરણ પ્રીત !
એનાજ નામ આધારથી, કહાવે ઈશ્વરી અંબા ખચીત !
સજન સં૦ ૩

મીઠું બોલી મન હરે, ટાળે તન પરિતાપ;
આફતમાં ધીરજ ધરી, ધીર આપે એ નરનેજ આપ.
સજન સં૦ ૪

ઘરણી ઘરનો સ્તંભ છે, ઘરનું ઘરણીજ માન;
ઘરણી ઘરનું ઘરેણું છે, ઘર ઘરણી વિનાનું સ્મશાન.
સજન સં૦ ૫

ઘડપણમાં ઘરણી સમી, સેવા કોથી ન હોય;
સ્વર્ગે પણ સંગે ગઈ, તે તો નારીજ! નર નહિ કોય.
સજન સં૦ ૬

ધન ધન નારી નામને, પ્રેમી પરમ અપાર!
પાળે પ્રેમે સર્વને, એતો આદ્ય શક્તિ અવતાર.
સજન સં૦ ૭

નિંદા એની જે કરે, તે પાપી ગુણચોર!
દુર્ગુણને દરીએ ડૂબે, તોએ દીલડે દયાનુંજ જોર.
સજન સં૦ ૮

ગોરી ફૂલ ગુલાબનું, સૂકે કે કરમાય;
કે કોહે વણ કાળજી, તોએ જાતિસુગંધી ન જાય.
સજન સં૦ ૯

શાસ્ત્રી, પુરાણી, પંડિતો, શાણા સજ્જન સર્વ!
સાચે સાચું હું કહું, તમે માનો મૂકી મનગર્વ!
સજન સં૦ ૧૦

દીસે દુર્ગુણ આજ બહુ, નથી એની કંઈ નાજ;
પણ એ દુર્ગુણી મૂર્ખ કે, જે છે તે તમારાજ કાજ.
સજન સં૦ ૧૧

આદે દમયંતી, સીતા. દ્રૌપદી આદિ અપાર.
થઈ ગઇ બહુ ગુણવતીઓ, તે હતી નારીજ નિરધાર.
સજન સં૦ ૧૨

ધર્મે કર્મે ન કેળવો, નાંપો કંઇ પણ જ્ઞાન;
રાખો જો હેવાન તો, કયમ હોય ન એ હેવાન!
સજન સં૦ ૧૩

હા ! અબળાઓ હાયરે ! હાલ છેજ હેવાન !
ખાવું પીવું ખેલવું, એ ત્રણનુંજ જેને ભાન.
સજન સં૦ ૧૪

જ્યાં હેવાનજ નારનો, સઘળો સુંદર સાથ;
ત્યાં જીવ્યાથી તો ભલું, અરે મરણ નવલ એ નાથ !
સજન સં૦ ૧૫

નીતિનો ચીલો.

ગરબી (ત્રિઅઠા)

ચારુ* ચીલો આ નીતિનો———નરનારીરે;
ધારો ધરી ઉર ખંત, કહું છું વિચારીરે.
ભવ પંથે ભુંડા ઉંડા,———નરનારીરે;
છુપા કુવા છે અનંત, કહું છું વિચારીરે. ૧

જેના વિવિધ મનોહારી,———નરનારીરે,
વેલ છવાયાં મુખ, કહું છું વિચારીરે
જો ચૂકીએ પગ મૂકતાં———નરનારીરે;
હોયજ અનહદ દુઃખ કહું છું વિચારીરે. ૨

એ ગોઝારા કૂપમાં———નરનારીરે;
પડયા હજારો અજાણ, કહું છું વિચારીરે;
હસવામાં ખસવું થયું,———નરનારીરે;
ગયા ફેંધાઈ પ્રાણ, કહું છું વિચારીરે; ૩

---

* સુંદર.

માટે ચિત્ત ચેતી તમે.———નરનારીરે;
ચાલો ચીલે ચીલેજ, કહું છું વિચારીરે.
ચીલો એ પ્રાચીન છે,———નરનારીરે;
સુંદર સુખકર સેં૦૮[1] કહું છું વિચારીરે. ૪

ચીલાની બે બાજુ બે,———નરનારીરે;
અખંડ તરુવર હાર કહું છું વિચારીરે.
શીતળ છાંયે શોભતી,———નરનારીરે;
ફળ અમૃતમાં છે સાર, કહું છું વિચારીરે. ૫

ચીલે ચાલવું સે'લ છે,———નરનારીરે;
સીધો સમતળ[2] છેક, કહું છું વિચારીરે.
છે કંચન રજ છાંટીઆં,———નરનારીરે;
ગુલજળ[3] બહેક બહેક, કહું છું વિચારીરે. ૬

કોણ અભાગી આ ચાલો———નરનારીરે;
છેડી હીંડે કુવાટ, કહું છું વિચારીરે.
મારગ પણ એ પાંસરો,———નરનારીરે;
નહિ ભો ન ઉચાટ, કહું છું વિચારીરે. ૭

ચીલાથી ચૂકી જરા,———નરનારીરે;
આડાં અવળાં ન જાઓ! કહું છું વિચારીરે.
ઠગવાડીના ઠાઠથી,———નરનારીરે;
ભૂલી શીદ ભરમાઓ! કહું છું વિચારીરે. ૮

ચીલો મૂકયો તેમણે———નરનારીરે;
આખર ખાધીંજ થાપ, કહું છું વિચારીરે.

---

૧. સ્વાભાવિક રીતે ૨. સપાટ. ૩. ગુલાબજળ.

પર વીતે ચેતેજ, તે———નરનારીરે;
ખરાંજ ચતુરાં બાપ+ ! કહું છું વિચારીરે. ૯

આજ ચૌલે ચાલી ગયાં,———નરનારીરે;
પૂર્વે સર્વે સુજાણ, કહું છું વિચારીરે.
પામ્યા પરમાનંદ પદ, નરનારી રે;
નિશ્ચલ નવલની વાણ, કહું છું વિચારીરે. ૧૦

"मारी भरतभूमि"—स्वदेश स्तोत्र.

गरबी.

મારી ભરતભૂમિ !

રૂપાળી સુયશાળી, સુશીલ પુનિત
તારા ચરણ ચૂમી, } ટેક.

આનંદે વંદુ જય હરદમ× નિત્ય !
સૌ સૌમાં કાંક વિશેષ છે !–
પણ તું તો અલૌકિક એકજ છે !–
મારી ભરતભૂમિ૦—૧

+એ મારા બાપ એટલે વા'લા જે પારકાને વીતે તે જોઇનેજ પોતે ચેતી ચાલે, તેજ ખરેખરાં ચતુર સમજવાં, મતલબ કે અનીતિના ખાડામાં જે પડે છે તે ગમે એટલાં ચતરાં (ચતુરાં) થઈને ફરે છે પણ ખરૂ જોતાં જરાએ ચતુર નથી.

×પ્રત્યેક શ્વાસની સાથે હંમેશાં.

કોણ આવે હિમાલયની હારે ?
કોહિનૂર અન્ય હીરા હારે;
વણ શેલડી સરસ સાકર ક્યારે ?
મારી ભરતભૂમિ૦—૨

શી ફળદ્રુપતા સ્થળ સ્થળ સોહે !—
નવરંગી રમણી મુજ મનડાં મોહે !—
જાણે વાડી વિશ્વંભરનીજ હોએ.—
મારી ભરતભૂમિ૦—૩

સાથે વિશ્વંભર વાલી તું ઝાઝી,
સમૃદ્ધિ સ્વાભાવિક બધી સાજી;
તને પ્રભુએ કરી પ્રિય પ્રમુખાજી.—
મારી ભરતભૂમિ૦—૪

દેખી દુનિયા મરે છે દીલ દાઝી,
પણ ફીકર ન રાખ પ્રભુ તું રાજી;
હાય ! હાલ તેની છે ઈતરાજી !—
મારી ભરતભૂમિ૦—૫

તારો વાંક નથીજ, તથાપિ એ,
અમે ભ્રષ્ટ કપૂત મૂઢ પાપીએ;
દેવ છેક દુભ્યો !—હજીએ !—
મારી ભરતભૂમિ૦—૬

મદ, આળસ, ઈર્ષા ને અનીતિ,
મતિ મતલબી, આંધળી નીચ અતિ;
સુખ સાર્વજનિક સમજે ન રતિ.—
મારી ભરતભૂમિ૦—૭

જાણી જન્મભૂમિ ભક્તિ તો પામે નહિ,
એક પેટની વેઠ અખંડ લહી;
ઉંચી ઓડ બળદીએ કીધી ન કહીં–
મારી ભરતભૂમિ૦—૮

એવા જનને ધિક ધિક ધિક્કજ છે,
કીડી કાગડા એથી તો ઠીકજ છે;
જેને જાતિની દાઝ અધિકજ છે!–
મારી ભરતભૂમિ૦—૯

હોટેંટાટ, કાફીર જે કહો,
જંગલીમાં જંગલી જે લોકો;
જન્મભૂમિ[1] ભજન અનભિજ્ઞ ન કો–
મારી ભરતભૂમિ૦—૧૦

સ્ત્રીઓ પણ અબળા જે બાકી,
તેણે દેશભક્તિ સબળા દાખી;
ઇતિહાસ છેજ એનો સાખી.–
મારી ભરતભૂમિ૦—૧૧

જન જન્મી જન્મભૂમિ જે ન ચાહે,
સૃષ્ટિક્રમ વિરૂદ્ધજ રાક્ષસ એ;
રે રાક્ષસ રૂડા સ્વપક્ષે રહે!–
મારી ભરતભૂમિ૦—૧૨

આવા ભ્રષ્ટ સંગે ભંડાઈ માતા,
જે જગતને સુજનતા[2] મૂકી ગાતા;–
જેનો જશ જશવંત હજી પણ ગાતા–
મારી ભરતભૂમિ૦—૧૩

---

૧ જન્મભૂમિની ભક્તિથી અજાણ્યા કોઇ જંગલી લોક પણ નથી.
૨ સુધારો (Civilization).

તું તો સત્વગુણી તત્વજ વેત્તા,
દેશ દેશથી પંડિત જ્યાં વકેતા;
થઇ શિષ્ય સહોત્સાહે રહેતા—
મારી ભરતભૂમિ૦—૧૪

તારાં કાર્ય ત્યારે યવને ભાળ્યાં,
મહા શીળ, નિર્મળ, બુદ્ધિવાળાં;
અહા! 'દેવાં કમાડે પડે ન તાળાં'—
મારી ભરતભૂમિ૦—૧૫

સેવું નિત્ય પુનિત તવ રજ ભૂમિ,
ધન્ય ભાગ્ય નવલની તું જન્મભૂમિ;
તારી ભક્તિ રગેરગ રહીજ ઘૂમી.—
મારી ભરતભૂમિ૦—૧૬

एकज वेण राखवा विषे.

राग वेळावर.

સદા રાખો રે, સદા રાખોરે, શાણાં સુજન સુજાણ
એક વેણુ સુસત્યનું.

એકજ વેણુ ઉપર ચાલે, જુઓ,
સંસારનોરે, સંસારનોરે, બધો કાર વે'વાર
હોય લાખોની આપ લે,
લોક ધંધોરે, લોક ધંધોરે, કરે ધમધોકાર—એકજ વેણુ૦ ૧

એકે વેણે વીટયું વિશ્વ કાં,
વેપારી રે, નરનારી રે, નોકર ને શેઠ;
સર્વ જીવે રાજા પ્રજા,
વિશ્વાસેરે, વિશ્વાસેરે, ખરે વિશ્વમાં નેટ—એકજ વેણુ૦ ૨

એક વેણ વિના તો પા:ઘડી,
કયમ ભેળાંરે, કયમ ભેળાંરે, રહી શકે કો જન ?
જઇ જંગલમાં એકેકથી.
શું છૂટાંરે, શું છૂટાંરે. વસે જોજન જોજન-એકજ૦ ૩

એક વેણ વિના ગુણ કોટિધા,
હોય તોપણરે, હોય તોપણરે, તેનું કોડી ન મૂલ;
બાળક પણ હાંસી કરે,
"એ તો જુઠોરે" મળ્યું ડાં'પણ ધૂળ !-એકજ૦ ૪

એક વેણ વિના નર રડવડે,
જ્યમ રોડું રે, જ્યમ રોડું રે, ખર્યું ભીંતથી હોય,
ઠામ ન ઠરવાનો મળે,
ભમે ભૂલ્યોરે, ભમે ભૂલ્યોરે, બની બા'વરો સોય-એકજ૦ ૫

એક વેણ ગયું તો સૌ ગયું,
સૌ તુચ્છજરે, સૌ તુચ્છજરે, ગણે તરણાથી લોક;
થાય હડે હડે જાય જ્યાં,
પછી સાચુંરે, કદી સાચુંરે, બોલે તે પણ ફોક-એકજ૦ ૬

એક વેણ કારણ દારુણ શાં,
દુ:ખ વેઠયાંરે, દુ:ખ વેઠયાં રે, હરિશ્ચંદ્રે અખેદ !
ભૂપ* ભલોરે પેલો ફ્રાન્સનો !
આવી આપે જે, આવી આપે જે, પડયો પાછો કેદ !-એકજ૦ ૭

---

* ફ્રાન્સનો રાજા જોન જે લડાઈમાં હારી ઇંગ્લાંડમાં કેદ પડયો હતો તે કેટલાક કોલકરાર કરી પોતાના રાજ્યમાં પાછો આવ્યો, પણ લોકે તે શરતો કબુલ ન રાખી તેથી એ સત્યવાદી રાજા પોતાના વેણ ખાતર આપોઆપ પાછો ગયો અને ત્યાં કેદખાનું ભોગવ્યું.

એક વેણ સત્યનું રાખતાં,
સુખ નિશ્ચયરે, સુખ નિશ્ચયરે, એહ લોકે થોક;
નિશ્ચય વાત નવલ કહે,
અરે માનોરે, અરે માનોરે, જગતના લોક !–એક૦ ૮

જૂઠુ નહિ બોલવા વિષે.

ધોળ–રાગ બેલાવરનું.

જીવ કહીએ રે, નહિ વદીએ રે, જરા જૂઠ વચન;
જૂઠે [1]જાન એનરે [2]જહાનમાં. } ટેક.
આપી પ્રભુએ વિશેષ પશુ થકી,
અસ્યા વાણીરે, દયા આણીરે, કહેવા ઉરના વિચાર,
તે તો ઢાંકી કુમેરી તેં,
જગ ઠગવારે, જગ ઠગવારે, માંડયો વાણી વ્યાપાર ! જૂઠે જાન. ૧
સૂણ ! સત્ય સંસારનો સ્તંભ છે,
જે આધારેરે, જે આધારેરે, એ ઉભો બીન ધાક;
જે વણુ કડડ તૂટી પડે,
જેને આંખેરે, વણુ શાખેરે, ધીરે જાયનું ન શાક. જૂઠે જાન ૨
રે ! શાખ ભુંડીજ જુઠાતણી !
છતાં સાચુંરે, છતાં સાચુંરે, એનું જુઠું મનાય;
જોવા આવ્યો સાચ, પણ,
પેલો બૂમારે,પાડી બૂમોરે, મુંઓ મૂખ વૃથાય. જૂઠે જાન. ૩
જીવ ! જીભ શીદ જૂઠે વટાળીએ ?
વદે જૂઠ તો રે, વદે જૂઠ તો રે ગૂઠ પાપી જંન;

---

૧. નુકસાન, ખરાબી. ૨ દુનિયામાં; આ લોકમાં ને પરલોકમાં.

પાપ પોતાનાં ઢાંકવા,
ન ઢંકાયજરે, ન ઢંકાયજરે, જાણુ નિશ્ચય મંન. જૂઠે જાન૦ ૪

ભુંડુ છાણુ ઉંડી ગોઝારમાં,
ધર્યું ઢાંકીરે, ધર્યું ઢાંકીરે, ઊંડે ગંધાઈ આપ!
થૂ થૂ થૂ થાયજ તથા,
વૃથા બાંધીરે, મૂઢ બાંધેરે, ગાંઠે એકનાં બે પાપ! જૂઠે જાન૦ ૫

જી૧ નિશ્ચય કરીને જાણ તું,
તરે સત્યજરે, તરે સત્યજરે, ડુબે જુઠું ઝાઝ;
તદપિ કાગળની કરામતી,
એ શા અર્થનુંરે, એ શા અર્થનુંરે, શોભે તાબુતમાંજ!—
જૂઠે જાન૦ ૬

છે જૂઠ જંજાળની જાળ જ્યાં,
એકે બીજુંરે, બીજે ત્રીજુંરે, ગુથ્યું ગણ્યું ન ગણાય;
શું સંભાળે અભાગીઓ.
ઝટ જોતાંરે ઝટ જોતાંરે, કો ટપ્પ ઝલાય. જૂઠે જાન૦ ૭

વાંક નજ કર, પણ કદી થાય તો,
સાચે સાચુંરે, સાચે સાચુંરે, માની માગને માફ;
માફજ મળશે સો વસા,
નહિ તોએરે, નહિ તોએરે, ટળશે અંતર તાપ. જૂઠે જાન૦ ૮

જો અંતર્જામી અંતરે,
તે રાજીરે, રહે રાજીરે, વહે ઉર આનંદ;
અતુલ અનુપ નિજાનંદ છે,
નિજાનંદનેરે, નિજાનંદનેરે, જાણે શુંજ મતિમંદ? જૂઠે જાન૦ ૯

છે સત્યસ્વરૂપજ શ્રી પ્રભુ,
એને વા'લુંરે, અન્ય વા'લુંરે, નથી સત્ય સમાન;
છે સત્યસ્વરૂપને પરભવી,
ક્યાં રહેશોરે, શુ કહેશોરે, પૂછે **નવલ** નિદાન. જૂઠે જાન૦ ૧૦

बालक पर प्रीति ए स्त्रीनुं भूषण छे.

राग हालरडानो

વનિતા કુળવંતી બોલાવે વા'લે બાળને,
મીઠાં અમૃત ઝરતાં નયણે વયણે નિત્ય;
નિત્યજ ખંતેથી ખાવાનાં ખેલવણાં તથા,
આપે કેળવણી સુખકરણી સુંદર રીત. વનિતા૦ ૧

વનિતા કુળવંતી,ને વા'લ અપારજ બાળપર,—
પછી તે પોતીકું, પરનું કે જેનું હોય;—
એને હૈયે ઉમળકો આવેજ જોઈજ બાળને,
વા'લે બોલાવે તે વેળા શા સો'ય ! વનિતા૦ ૨

આંખો હીરાસી ઓપે ! હસતું મુખ શું મધુર !
શોભે શાં સુંદર મનરંજન ખંજન ગાલ !
ઉઘડી અર્ધ અધરપરવાળી સુવર્ણ ઝળુકતી,—
ઝબકયું ઝળળળ જાણે નિર્મળ દીલનું વા'લ. વનિતા૦ ૩

એની વાણી તો નરમાશ મિઠાશ અજબ ભરી,
જેણે બાળકનાં મનવશ થઈ જાયજ સે'જ;
એને દેખે કે દોડી ભેટે હેતે અતિ.
એને કહ્યું કરે સઘળું હરખે હરખેજ ! વનિતા૦ ૪

રે વણુ કહે અતિ મન વર્તે છે તે તો સદા,
રડતાં રખે દુભાયે એનું દયાળુ દીલ;
છરાયાં છોરૂં પરાયાં પણુ રે એને કલ્યાગરાં,
સાચે જાદુગરૂંજ જોવું એનું સુશીલ ! વનિતા૦ ૫

એનું કારણુ પણુ આઘું નથી, સમજવું સે'લ છે,
સમજો સુંદરીઓ ! એ ! હિંદની આપે આજ;
એ નથી પીટયા કહી કદીએ બાળ ધએડતી.
જે છે નહિ નારીનાં પણુ કૃત્યાનાં કાજ. વનિતા૦ ૬

લાજે કુળવંતી બોલતાંએ ઉંચે સ્વરે,
તો તે નિજ બાળક પર કેમજ હોય કઠોર !
વાણી કડવી કઠોર બાળ નઠોરજ હોય,
વાણી વા'લપની વશ કરે હરાયાં ઢોર. વનિતા૦ ૭

વાણી વા'લપની વદવા સરજી છે સુંદરી,
રહી છે સુંદરીની સુંદરતા વા'લપ માંહ્ય,
વા'લપ બાળ પર જામે જ્યારે શશી પૂર્ણ સમ,
ત્યારે નવલ અલૌકિક દેવીજ છે દેખાય ! વનિતા૦ ૮

विश्वंभरनो उपकार.

ગીતચંદ્રાવળા નાના (ધ્રુવાખ્યાનનો રાગ).

જે જે ! વિશ્વંભરનાથ; હું તને વંદુ વારંવાર;
વારંવાર તું જે કરે જનપ્રતિ પ્રતિદિન ઉપકાર,
જે ઉપકાર ન હુંથી ગણાય;
અનહદ હદમાં કેમજ માય !

દહાડો રાત, પ્રભાત ને સાંજ;
પળપળ સંભાળો છો રાજ! જે જે૦ ૧

પાળે, સંભાળે સદા તું તો અખિલ જગતમાં જન,
જળચર ભૂચર, ખેચરને, વળી ઇતરેચર પણ અન્ય.
અન્ય હશે બ્રહ્માંડ અખંડે,
તે સર્વેનાં દુઃખ તું ખંડે;
એક અનંત તું પુરૂં કરે,
આહા! આ તે અકળજ ખરે! જે જે૦ ૨

અકળ, અરૂપ, અનુપને હું કેવા! તે કહું કેમ?
તેમ એક આ તો દીસે નિત્ય કરતું વિશ્વનું ક્ષેમ!
વિશ્વનું ક્ષેમ ચહે ચિત નિત્ય,
કુંજરથી તે કીડી સહીત;
સર્વેની સંભાળ સમાન,
સે છે દેવ દયાજ નિધાન. જે જે૦ ૩

દયાનિધાન! કૃપાળુ! એ! કરુણાળુ કીરતાર!
છે વિધવિધના વિશ્વમાં ભર્યા અન્નઉદકભંડાર.
અન્નઉદકભંડાર ભર્યા તે,
ખાઈ જીવે છે જગતજ ખાંતે;
ખાજ સુખદ, ને સ્વાદે ભર્યાં,
વિધવિધનાં જે જાય ન ગણ્યાં. જે જે૦ ૪

જાય ગણ્યાં નહિ સર્વ તે સુખસાધન તેં જે કીધ,
વૃક્ષ, વનસ્પતિ, વેલી ને પશુ પક્ષી ખનિજ વિવિધ.
પશુ પક્ષી વિવિધના હોયે,
નદી ડુંગરીએ મનડાં મોહે;

શો કહું આકાશે સુંદર બહાર !
ધન ! ધન ! ઇશ રસ દાતાર. જે જે૦ ૫

ઇશ્વિર તું ઉપકાર તો કરે જન્મ્યાં ત્યાંથીજ સાર,
રે ! જન્મ્યાં પહેલાંય તેં પય નીપજાવ્યું નિરધાર.
નીપજાવ્યું નિરધાર તે દૂધ,
તારી તો છે અગમજ બુદ્ધ !
અગમ ખેલ તો તારો અરે !
રુધિરનું દૂધ કોણજ કરે ! જે જે૦ ૬

દૂધ કર્યુંજ રુધિરનું અતિ શુદ્ધ સરસ ગુણકારં,
એ ગુણ ભૂલે એવું તે કોણ લૂણહરામી નઠારં ?
લૂણહરામી નઠારંજ હશે,
તે વિશ્વંભરને ભૂલશે;
વિશ્વંભરના ગુણ અનંત,
ગાય પશુ પંખી જીવ જંત ! જે જે૦ ૭

જંત ઝીણાં જળબિંદુમાં અગણ્યાં આંખે ન જણાય,
તે સર્વે સંભાળથી ઘડયાં કરી કરામત કાય.
કરી કરામત તેં તો વડી,
સુખકર સર્વે અવયવો ઘડી;
તે પ્રત્યેકનું પોષણ થાય,
તેવા સાજ સૃજ્યા વાળી ત્યાંય. જે જે૦ ૮

સાજ સૃજ્યા સુખના જગે જગરાજ ધરી દીલ દાઝ,
દાઝ અધિક ધરી વળી મૂકી બુદ્ધિ માણસમાંજ.
બુદ્ધિ વિવેકને જાણો અમૂલ્ય,
એ ભવસાગરનો છે પૂલ;

પૂલ ભવાબ્ધિનો બાંધી હસ્યા,
અંતર્જામી રૂપે વળી વસ્યા. જે જે૦ ૯

અંતર્જામી ભોમીઓ થઇ, ઉભો ભવાબ્ધિ પૂલ,
પૂલ ચૂકી વોહો તરફ વળે, તો પોકારી કહે ભૂલ.

પોકારી ભૂલ કહે છે તેહ,
વારેવારે વારે છેય;
વળી દયાળુ એ દેવની કૃતિ,
કર તું **નવલ** તત્પત્યે રતિ * જે જે૦ ૧૦

---

* પ્રતિ.

સમાપ્ત.

બહાર પડી ચૂકી છે.

ગુજરાતના સુપ્રસિદ્ધ ટીકાકાર

સ્વર્ગસ્થ સાક્ષર

નવલરામ લક્ષ્મીરામ.

કૃત

નવલ-ગ્રંથાવલિ

શાળોપયોગી આવૃત્તિ

ભાગ ૧

સંશોધન કરનાર

રા. રા. સાક્ષર હીરાલાલ વી. શ્રોફ.
બી. એ.

કિંમત રૂ. ૨-૮-૦.

મળવાનું ઠેકાણું:—

બુકસેલર કરસનદાસ નારણદાસ
સુરત.